આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ

વર્ષ : ૧૮
ડીસેમ્બર–૧૯૯૬
અંક : ૩

પ્રેમ

શ્રદ્ધા

ભક્તિ

પ્રભુકૃપા

યોગ

ધર્મ

સાધના

સત્સંગ

Summit

## * સંસારમાં બે પ્રકારના માનવો *

સંસારમાં બંને પ્રકારના માનવો છે : અર્જુન અને દુર્યોધન. જે બીજાનું હડપવા માગે છે, અન્યાય અથવા અનૃતથી ઉપાર્જન કરેલી સમૃદ્ધિને ભોગવવાની ભાવના રાખે છે, બીજાના ન્યાયોચિત અધિકારોનો નાશ કરવામાં આનંદ અનુભવે છે, દુર્વિચાર–દુર્ભાવ–દુષ્કર્મને લીધે, બીજાને પીડે છે, એવા માનવોને દુર્યોધનના વંશજો કહી શકાય. જે નમ્રતા, નિખાલસતાની મૂર્તિ છે, ભગવાનને જીવનરથના સારથિ બનાવી ચૂક્યા છે, જે ભગવાનના મંગલમય માર્ગદર્શન પ્રમાણે ચાલે છે કે ચાલવા મથે છે, તે બધા અર્જુનો છે. આજે આજુબાજુ બધે અશાંતિના ઓળાઓ ઉતરેલા છે એનું એક કારણ એ પણ છે કે માનવને અર્જુનની પેઠે પરમાત્માનું શરણ સ્વીકારવાની ને પરમાત્માની પ્રેરણા મેળવીને જીવનનું નિર્માણ કરવા-ની અભિરુચિ થતી નથી. માનવ દુર્યોધનની પેઠે દુષ્કર્મ પરાયણ હશે ત્યાંસુધી સુખી નહીં થઈ શકે. સમાજ કે રાષ્ટ્રને પણ સુખી નહીં બનાવી શકે. દુર્યોધન જીવનના જંગમાં કદી પણ વિજયી બનતો નથી. શરૂઆતમાં કુકર્મોની મદદથી તે સુખી ને સમૃદ્ધ, ફાલેલો ફૂલેલો, માતેલા સાંઢ જેવો જણાય તોપણ અંતે અધઃપતન પામે છે. અર્જુન પાંડવો સાથે પીડા પામે છે, કષ્ટો વેઠે છે, ચિંતા–પરિતાપ–ક્લેશોમાંથી પસાર થાય છે પરંતુ છેવટે આત્મિક સામ્રાજ્યનો, સુખ–શાંતિ–સમૃદ્ધિનો ઉપભોક્તા બને છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| રોમન તત્ત્વજ્ઞાની સમ્રાટ માર્ક્સ ઑરેલિયસનું આત્મચિંતન | પં. દેવકૃષ્ણ શાસ્ત્રી | ૧૦ |
| માનસિક રોગોનો રામબાણ ઈલાજ वितर्कबाधेन प्रतिपक्षभावनम् | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૧૬ |
| પોલ બ્રન્ટનની માસ્ટર મહાશય સાથે મુલાકાત | યોગેશ્વર | ૨૨ |
| પિતૃભક્તિની પરીક્ષા | પ્રાગજી ડોસા | ૩૦ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઈ ય. મહેતા | ૩૫ |
| કેમ કરીને? | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૩૮ |
| આનંદ છે | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૩૯ |
| અંબાજીના નવરાત્રિ જપયજ્ઞમાં પીરસવામાં આવેલી પ્રેરણાત્મક વાતો-(૨) | હરિભાઈ ભોજાણી | ૪૩ |
| હે માનવ, તું તારી જાતને ઓળખ | ડૉ. આર. જે. શાહ | ૪૯ |
| સ્ત્રી સંત–શ્રીઇંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૧ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૮ ડીસેમ્બર–૧૯૯૬ અંક : ૩


## શ્રી યોગેશ્વર કથામૃત


મા સર્વેશ્વરી


**તા. ૨૧–૫–૮૧, ગુરુવાર, વૈશાખ વદ બીજ, ૨૦૩૭**

**સ્થળ : લૉ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ.**

પૂ. શ્રી ધ્યાનની બેઠકમાં નીચે મુજબનાં વચનો કહે છે : પ્રભાતના પ્રથમ પ્રહર પછી પ્રભુની પ્રાર્થના પછી સંતોના આશીર્વાદ માગી મારું મન શાંત થશે. સર્વપ્રકારના ભૌતિક સંકલ્પો દૂર કરી આત્મશાંતિ મળશે એવી ભાવના સાથે ચિત્તની વૃત્તિનું કેન્દ્રીકરણ બંને ભ્રમરની મધ્યમાં કરવું. નામજપ ચાલુ રાખવું. જેનું નામસ્મરણ ચાલતું હોય તેના સ્વરૂપનું ધ્યાન ધરવું.

ધ્યાન શરૂ થયું. એક કલાક પછી ધ્યાન પૂર્ણ થયું. ધ્યાનબાદ યોગમુદ્રા, ષણ્મુખી મુદ્રા કરાવી. પછી હળવી કસરત કરાવી.

હવે આપણો ધ્યાનનો કાર્યક્રમ પૂરો થયો. સમસ્ત જીવન જ શિબિર. સ્થૂળ શિબિરનો આજે છેલ્લો દિવસ. અહીંથી જાઓ ત્યારે પવિત્રતા, સાત્ત્વિકતા, સેવાભાવનાથી જીવવા આપણે પ્રયત્ન કરીએ. નિર્વિકારીતા, અનાસક્તિ લઇ આપણું કર્તવ્ય કરીએ.

તે પછી સર્વેશ્વરી વાર્તાલાપ આપે છે. વાર્તાલાપ એક કલાક ચાલે છે, પૂ. શ્રી કહે છે : આ વાતો સાંભળ્યા જ કરીએ એવું થાય છે. પ્રભુનું અનુસંધાન સાધવું, તેને જાણવું, તેને અનુસરવું એ ઘણો લાંબો કોર્સ છે. લોહીનાં પાણી કરવા પડે છે. એ આધ્યાત્મિક જીવનમાં પરમની ઇચ્છા પણ જાણી શકાય.

સાથે રહેનાર પાસેથી આ બધું જાણી શકીએ. એઓ નિયમિત નોંધ લખે છે. રામકૃષ્ણ કથામૃત કરતાં પણ એ વિશેષતાવાળી નોંધ હશે. ભાવિ જનતાને ઘણો લાભ થશે.

**પ્રશ્ન** : સંતોની કૃપા માટે શું કરવું?

**પૂ. શ્રી** : કૃપા તો છે જ. તમે શ્રદ્ધાભક્તિ વધારો.

**પ્રશ્ન** : ધ્યાનમાં પ્રકાશ ને શંકરની મૂર્તિ દેખાય તે શું સૂચવે છે.

**પૂ. શ્રી** : ઘણાંને વાઘસિંહ દેખાય, એના કરતાં તમને પ્રકાશ ને શંકર દેખાય તે સારું છે. તમારા સારા સંસ્કારોનું સૂચન છે. સાધના કરતાં રહેજો.

**પ્રશ્ન** : એક સાથે વખત નથી તેથી ધ્યાનમાં વધારે બેસી શકાતું નથી. તો બે–ત્રણ વાર બેસીએ તો ચાલે?

**પૂ. શ્રી** : બે–ત્રણ વાર બેસો, પણ બબ્બે મિનિટ માટે ન બેસો. અડધો કલાક તો બેસો જ. દરેક વખતે એટલું બેસો. એ જરૂરી છે.

**પ્રશ્ન** : શ્લોક સંસ્કૃતને બદલે ગુજરાતીમાં બોલીએ તો ચાલે?



**પૂ. શ્રી** : અરે, ભાઇ! ગઇકાલે અમે અહીં થાળીને બદલે પતરાળામાં ખાધું, તોપણ પેટમાં જ ગયું. તેમ સંસ્કૃતને બદલે ગુજરાતીમાં બોલો તોપણ પહોંચશે.

ત્યાગભાવથી ભોગવ એને, એમાં ના આસક્ત થજે,
યોગ્ય કર્મને કરતાં કરતાં, સો વરસ લગ જીવ અહીં.

इशावास्यं इदंसर्वम्

જીવનદ્વારા કોઇને ઉપયોગી થઇ શકાય, બીજાને માટે જે કરી શકાય તે કરું, હું કોઇ ઘરની જ્યોત બનું. (પૂ. શ્રી ગવડાવે છે.)

બીજાને પ્રકાશ ધરવાનું કામ કરું,
પથ ભૂલેલા પથિકો માટે
રણમધ્યે બની બેસું પગલી,
ચિર શાંતિ સમર્પી શકનારી
સર્જું હું સુંદર વનસ્થલી.
અર્પીને સુખ દુઃખી ઉરને,
હું સ્વર્ગસુખ તણો અનુભવ કરું,
હું કોઇના ઘરની જ્યોત બનું.
આ બધી ભાવના લઇને ઘેર જઇએ.
સોમલને પલટી અમીમાં,
દૃષ્ટિના દોષ સમસ્ત હરૂં.

અત્યાચારો થાય તો બોલી શકું, અનર્થનો પ્રતિકાર કરું, હું કોઇના જીવનનું મંદિર બનું, કોઇ ઉદ્યાનનું પુષ્પ બનું, ધરતી તૃમ બની સુગંધ રેલે છે, હું કોઇના ઘરની જ્યોત બનું. (વિવિધ રીતે આ લીટી જુદી જુદી રીતે ગાઇ બતાવે છે.)

મને ઘણાં પૂછે છે કે યોગેશ્વરજી આ કયો રાગ? હું કહું કે

ચલતી રાગ. અમે તો પ્રભુના પ્રેમી, જગતના પ્રેમી, પ્રેમીનો કયો રાગ? તો ચલતી.

હવે ધ્યાનમાં થોડું બેસીએ એમ કહી દસ મિનિટ ધ્યાનની બેઠક શરૂ થઈ. ૐકારના ધ્વનિથી ધ્યાનની બેઠક પૂરી થઈ. સૌએ પ્રણામ કરી વિદાય લીધી.

આજે છેલ્લો દિવસ હોવાથી સમૂહ ભોજનના કાર્યક્રમમાં પૂ. શ્રી પણ સામેલ થયા. સમૂહ ભોજનમાં સ્વચ્છતા જળવાતી ન હોવાથી પૂ. શ્રી સર્વેશ્વરી સાથે પોતાના નારણપૂરાના ઉતારા ઉપરનું ખીચડીનું જ ભોજન અહીં મંગાવીને તે જ ભોજન સૌની સાથે જમ્યા. ભોજનબાદ પૂ. શ્રી લેખનકાર્ય કરી લે છે. થોડો આરામ કરી શિબિરના સ્થળે આવી જાય છે.

ચાર વાગ્યે કાર્યક્રમ શરૂ થયો. સાધકોના અનુભવોના કાર્યક્રમ-માં આજના વક્તા ત્રણ હતાઃ–

(૧) પુરુષોત્તમભાઈ ગાંધી : (રાજકોટ).

યોગેશ્વરજી સૂર્ય છે. જીવન આપે છે. મા ચંદ્ર છે. જે આપણને શીતળતા, શાંતિ આપે છે. એક અર્થમાં કહું તો યોગેશ્વરજી ડોક્ટર છે. આપણા જીવનની અનેક ગાંઠો છે જેનું સફળતાથી ઓપરેશન પૂ. શ્રી કરી શકે છે. તો હું કહું કે સર્વેશ્વરી મા એ સફળ નર્સ છે. જે ડોક્ટર ઓપરેશન કરીને ચાલ્યા જાય પણ તે ઘા ઉપર પાટો બાંધીને શાંતિ તો નર્સ જ આપી શકે. એટલે મા એ નર્સ છે. (સૌ તાલી પાડીને આ વાતને વધાવી લે છે!

સર્વેશ્વરીને વિનંતિ કરીએ કે તમારું વાત્સલ્ય સતત વહાવતાં રહો. પૂ. શ્રીને વિનંતી કરીએ અમારા બંધ બારણે ટકોરા મારજો. તમે એમાં પ્રવેશ કરજો. અંતે કોઈ ઘરની જ્યોત બનું એવી ભાવના વહાવીએ.



(૨) શ્રી કૈલાસબેન જોશી : (વડોદરા).

પોતાને થયેલા (પૂ. શ્રીના શરીરમાં) સૂર્યનારાયણના દર્શનની વાત કહે છે. એઓ પોતે આઠ વરસથી સૂર્યનારાયણની ઉપાસના કરે છે. બીજો અનુભવ, એક વાર સાપથી તેઓ બચી ગયાં તે અનુભવ તેઓના વતી તેમની દીકરી સ્મિતા જોશી કહી સંભળાવે છે.

(૩) શ્રી ટી. જી. ભટ્ટ : (સુરત).

તેઓ શિબિરનું મહત્ત્વ સમજાવે છે.

ત્યારબાદ પૂ. શ્રી થોડી વાતો કરે છે. જેનો સારાંશ નીચે મુજબ હતો :

ઘેર ગયા પછી નિયમિત રીતે ધ્યાન, પ્રાર્થના વ્યાયામ કરજો. વહેલા ઊઠવાની ટેવ પાડવી. અહીં જે સારી ટેવો પાડી છે તે ચાલુ રાખજો, જેથી જીવન ઉજ્જ્વળ બને. આવતીકાલથી ચાલુ જ રાખજો. જીવન સાધના શિબિર છે. આપણે જ્યાં પણ હોઈએ ત્યાં એ કામ કરજો.

ઘણાં પોતે ઠંડુ પાણી પીએ તો તે પરબ પણ માંડે, તેમ ધ્યાનકેન્દ્રની એક એક પરબ દરેક પોતાના શહેરમાં યોજે. અધ્યાત્મ માસિકનો પ્રચાર કરજો. બીજાનું બૂરું ન થાય. આપણી સાથે સંકળાયેલાનું પણ સાચવવું. જીવન સજાગ કરીએ. જીવન સંયમી, સાદુ, સાત્ત્વિક, સાધનાપરાયણ, પ્રભુપરાયણ કરવાની કોશિશ કરીએ.

આ શિબિરની વિશેષતા એ છે કે નાનકડા યુવાનો વધારે છે. તમે સૌ ઉન્નતિના પંથે જાઓ. બીજાના જીવનને પણ ઉન્નત કરો.

આવા આશીર્વચન સાથે શિબિરની પૂર્ણાહુતિ થઈ. સૌએ પૂ. શ્રી તથા પૂ. મા સર્વેશ્વરીને ફૂલહાર આપી વિદાય આપી.

આજે પ્રવચનનો છેલ્લો દિવસ જેથી પૂ. શ્રીના મનનીય પ્રવચન પછી આભારદર્શન શરૂ થયું. જેમાં શ્રી ઈશ્વર પેટલીકર (જાણીતા સાહિત્યકાર) શ્રી સર્વેશ્વરી, શ્રી જી. ડી. અમીન, વિગેરે-એ પોતાની વાત ટૂંકમાં કરી. જેમાં શ્રી ઈશ્વર પેટલીકરે પોતે શિબિર દરમ્યાન શું જોયું તે વાત, શ્રી સર્વેશ્વરીએ પૂ. શ્રીના જીવનના પાસાની વાત અને શ્રી જી. ડી. અમીને પોતાને થઈ રહેલી શંકા ભ્રમણાનો સર્વેશ્વરીના વાર્તાલાપથી આવેલા અંતની વાત કરી. તો વળી શ્રી પદ્માબેન ત્રિવેદીએ પોતે શિબિરમાં શું જોયું તેની વાતો કરી. છેવટે સમગ્ર શિબિરના સૂત્રધાર શ્રી બાબુભાઈ વોરાએ આભારદર્શન કર્યું.

સૌની વિદાય લઈ આજે પૂ. શ્રી એકલા જ પોતાના મુખ્ય ઉતારા પર આવે છે. સર્વેશ્વરી ત્યાં શિબિરના સ્થળે રોકાય છે. પૂ. શ્રી ઉતારા પર આવી દૂધ–કેરી લઈ, થોડું લેખનકાર્ય કરી આરામ કરે છે.

સર્વેશ્વરી શિબિરના સ્થળે શિબિરાર્થીઓને મળે છે. આજે શિબિરનો છેલ્લો દિવસ પણ પૂરો થઈ ગયો. ઘણાં શિબિરાર્થીઓ પોતાની વાત કહેવાનું રહી ગયા છે જેથી સર્વેશ્વરી વિચારે છે કે આજે સૌ ભેગા મળી અહીં બેઠા છે તો એવી વ્યક્તિઓ છે જે અતિ સંકોચશીલ છે તેને આજે બોલવા ઊભા કરીએ. એ દૃષ્ટિએ સૌ પ્રથમ વડોદરાના શ્રી વિનોદચંદ્ર જોશી, મોરબીના શ્રી કલોલા, સુરતના શ્રી પ્રભાબેન, અમદાવાદના મીનાબેન તેમ જ રંજન-બેન, રાજકોટના શ્રી શાંતિભાઈ, કપૂરાના શ્રી સરોજબેન–આ



બધી વ્યક્તિઓએ પોતાની વાતો રજૂ કરી. ત્યારબાદ સર્વેશ્વરી પોતાનું એક ભજન સૌને ગવડાવે છે.

(૧) ગોપાલ પ્રગટો આજ.

(૨) જીવનવાટ મળ્યા છે મુરારિ,
જીવન એને ધરીએ રે...

ધૂન બાદ કાર્યક્રમ પૂર્ણ થયો. રાતના ૧૧:૪૫ થઈ ગયા. શ્રી શાંતિભાઈના અતિ આગ્રહથી એમની ગાડીમાં જ મુખ્ય ઉતારા પર આવી જવાનું બન્યું.

ત્યારબાદ આરામ. હરિઃ ૐ.

(ક્રમશઃ)

સૌજન્યથી :

**YOGA & TOTAL HEALTH CENTRE**

**ડૉ. હિમાંશુ પાઠક,**
**શ્રી હેમીના પાઠક.**

**"નિરાંત"**

૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, **સુરત–૩૯૫૦૦૯**

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩

રોમન તત્ત્વજ્ઞાની સમ્રાટ માર્ક્સ ઑરેલિયસનું

# આત્મચિંતન

અનુવાદક : પં. દેવકૃષ્ણ શાસ્ત્રી

૧

સ્થિતપ્રજ્ઞ થયા વિના તમે ઘણા ઘણા દિવસો વિતાવી દીધા. ઘણો વખત નકામો જવા દીધો. વિચારો તો ખરા! હવે મોડું ન કરો. હજીય વખત છે. સત્યને પારખી લ્યો અને શાંત–સમાહિત સ્થિતિ પ્રાપ્ત કરો.

તમે જેનું એક અંગ છો એવો આ સંસાર કેવા પ્રકારનો છે? આખા બ્રહ્માંડને ચલાવનારી પરા શક્તિ કઈ છે? તમે એ શક્તિ-રૂપી અગ્નિમાંથી ઊડેલી એક ચિનગારી છો. તમારે માટે નક્કી થયેલો વખત હવે બહુ ઓછો છે, માટે જ્ઞાનના પ્રકાશને તમારા હૃદયમાં જલદી પ્રવેશવા દ્યો અને તમારી બુદ્ધિ ઉપર અંધકારનું જે આવરણ છવાયું છે તેને દૂર કરો.

આયુષની અવધિ કોઈ જાણતું નથી. ઊતાવળ નહીં કરો તો સંભવ છે કે, કદાચ તમને વખત જ ન મળે. તમે એક સારા કુળમાં મનુષ્યજન્મ પ્રાપ્ત કર્યો છે. તમારો જે સ્વાભાવિક ધર્મ છે તેનું કોઈ પણ જાતના આડંબર વિના, ઉદાર હૃદયે પાલન કરો. જીવદયા, સ્વાવલંબન, ન્યાય–આ ત્રણ વસ્તુઓને ક્યારેય ભૂલશો નહીં. એ દ્વારા જ તમે શાંતિ મેળવી શકશો.

જે કાંઈ કામ કરો એ પૂરી લગનથી કરો, અને એવું વિચારીને કરો કે જાણે એ કામ કરવાનો મોકો ફરી કદાચ મળવાનો જ ન હોય.



વિવેકને ભ્રષ્ટ કરનારા રાગદ્વેષ વગેરે છોડો. અહંકાર, દંભ, ઈશ્વર પ્રત્યે અસંતોષ વગેરે હલકી ભાવનાઓને મનમાં સ્થાન દીધા વિના પોતાનાં કર્તવ્યોનું પાલન કરો. તમને ખાતરી થશે કે, ધર્મથી ચલિત થયા વિના શાંતચિત્તે જીવન વિતાવવું મુશ્કેલ નથી.

અરે ભાઈ, વિનાશ તરફ શા માટે ધસ્યે જાઓ છો? તમારી જાતને સુધારવા માટે તમને આપેલી મુદત પૂરી થશે, ત્યારે શું કરશો? જરા વિચારો તો ખરા! તમે ઘરડા થતા જાઓ છો. હજી સુધી જ્ઞાન મેળવ્યું નથી. તમારી પોતાની ચિંતા કરો.

બીજાને ભરોંસે જીવવા ચાહે છે? હે મૂર્ખ મન!

બહારની વસ્તુઓથી તમે શા માટે અકળાઓ છો? કોઈ સારા કાર્યમાં મન લગાડીને પોતાના દુ:ખને ભૂલવાનો પ્રયત્ન કરો. અસલી ચીજને પારખ્યા વિના અનેક પ્રકારનાં કાર્યોમાં ગૂંથાઈને, જીવન એમ જ પૂરું કરી નાંખવું એ મૂર્ખાઈ છે. પોતાના આચ-રણને અને પોતાના વિચારને કર્તવ્ય–ધર્મથી નિયમિત કરો. આ જ શાંતિનો માર્ગ છે.

બીજાઓના મનમાં કેવા વિચાર આવે છે, તેઓ શું વિચારે છે અને શું નથી વિચારતા, આવા બધા વિચારો છોડી દ્યો. એથી દુ:ખ સિવાય કાંઈ મળવાનું નથી. પોતાના અંતરને તપાસ્યા વિના બીજાઓના મનની અવસ્થાનો વિચાર કરવામાં કશો જ લાભ નથી.

ક્રોધને કારણે કરવામાં આવતા ગુના કરતાં લોભથી કરવામાં આવતા ગુનામાં વધુ પાપ છે. ક્રોધની સ્થિતિમાં માણસ પોતે કાંઈક દુ:ખ ભોગવે છે, પણ બીજી સ્થિતિમાં માણસ જ્યારે કાંઈ ગુનો કરે છે ત્યારે એ પોતે કોઈ સ્વાભાવિક દુ:ખનો અનુભવ કરતો નથી.

૨

તમે હમેશાં એક વાત યાદ રાખજો. બહુરૂપી હોવા છતાંય ખરી રીતે સંસાર એક જ છે. વ્યક્તિ અને સમષ્ટિનાં લક્ષણ તથા બંને વચ્ચે જે સંબંધ છે એ સમજવાનો પ્રયત્ન કરો. એ સંબંધને બગાડવો ન જોઇએ, સમષ્ટિની સ્વાભાવિક રીતને અનુસરે એવો તમારો વ્યવહાર હોવો જોઇએ. તમે એનું જ એક અંગ છો.

૩

કોઇ પણ ક્ષણે તમને આ દુનિયામાંથી બોલાવી લેવામાં આવશે. વાતો કરતાં, કામ કરતાં અને કોઇ પણ વિચાર કરતાં કરતાં આ વાતનું ધ્યાન રાખો અને વખતસર પ્રાણ છોડવા તૈયાર રહો.

મરણમાં દુઃખ જેવું છે શું? માણસોથી છૂટા પડીને દેવતાઓની પાસે જવામાં ખોટું શું છે? દેવતાઓ તમને કોઇ રીતે દુઃખી નહીં કરે. કદાચ એમની હયાતી વિષે તમને વિશ્વાસ ન હોય, કદાચ તમે ઈશ્વરને ન માનતા હો, તોપણ મૃત્યુથી ડરવું શા માટે?

હું તો કહું છું કે, ઈશ્વર છે અને એ જ આ આખા બ્રહ્માંડના રક્ષક છે.

પોતાની જાતને વિપત્તિઓથી બચાવવા માટે આત્મરક્ષાના જાતજાતના ઉપાયો માણસ પ્રયોજે છે. એ બધા ભગવાનના જ દીધેલા છે. વાસ્તવિક સંકટોથી બચવા માટે માણસો પાસે ઉપાયો છે. જે સંકટો અનિવાર્ય છે એ વાસ્તવિક સંકટો નથી. બાહ્ય વસ્તુઓનો પ્રભાવ આત્મા પર પડવો ન જોઇએ. જ્યાંસુધી આત્માને સહેવું પડે નહીં, ત્યાંસુધી સંકટ ખરી રીતે સંકટ જ નથી. જો એ ખરું સંકટ હોત તો એનાથી બચવાનો ઉપાય પણ જરૂર હોત.



ભગવાન માનવનાં સંકટો સમજે છે અને એથી બચાવે પણ છે.

આ દુનિયામાં સજ્જન અને દુર્જન બંનેયને સુખ અને દુઃખ ભોગવવાં પડે છે. સજ્જનો ઉપર ઓછાં સંકટ પડે અને દુષ્ટો ઉપર વધુ, આવું જોવામાં આવતું નથી. જેને આપણે સુખદુઃખ માનીએ છીએ એ જો ખરેખર જ સુખ–દુઃખ હોત તો ભગવાન ક્યારેય એવું થવા ન દેત. દરેક માણસનું સુખ અને દુઃખ, ભલું અને બૂરું એમના જ હાથમાં છે. આદર અને અપમાન, કષ્ટ અને આરામ, ધન અને દરિદ્રતા લોકોના ગુણો પ્રમાણે પ્રાપ્ત થતાં નથી. જો આપણે વિચારપૂર્વક જોઇશું તો સમજાશે કે, જેને આપણે સારી વસ્તુ કે સુખ માનીએ છીએ, અથવા જેને આપણે બૂરી વસ્તુ કે દુઃખ માનીએ છીએ, એ વસ્તુ બરાબર એવી જ હોતી નથી. અમુક વસ્તુ ખરાબ છે અને અમુક સારી છે, એનો નિર્ણય સારી રીતે વિચાર કર્યા વિના કરવો ન જોઇએ.

૪

સમજણપૂર્વક કામ લ્યો. સંસારની બધી વસ્તુઓ બહુ જલદી નાશ પામે છે. આ શરીર નાશવંત છે. શરીર વીંખાઇને પંચભૂતોની સાથે ભળી જાય છે અને થોડા જ વખતમાં શરીર નાશ પામતાંવેંત જ, એ શરીર જેનું હતું એ વ્યક્તિ પણ ભૂલાઇ જાય છે. એ વસ્તુઓનું તત્ત્વ શું છે?

કોઇ વસ્તુમાં આપણને સુખનો ભ્રમ થઇ જાય છે અને આપણે એના મોહમાં ફસાઇ પડીએ છીએ. કોઇ વસ્તુ આપણને દુઃખદાયક લાગે છે, એથી આપણે એની પાસે જતાં અચકાઇએ છીએ. બીજી કોઇ વસ્તુ આપણામાં અહંકાર પેદા કરે છે. આ બધી વાતો અસ્થિર અને તુચ્છ છે. એથી કાંઇ ફાયદો નથી. ખરી

રીતે કયા કાર્યમાં શ્રેય છે? કયા પ્રકારના માણસોના સંપર્કથી આપણું માન વધે? મરણ ખરી રીતે કઇ વસ્તુ છે? એવી વાતોનો આપણે વિચાર કરવો જોઇએ. જગત પ્રકૃતિના સ્વભાવ પ્રમાણે ચાલે છે. પ્રકૃતિની રીતોથી બાળકો ડરી જાય છે, પણ એથી મોટાંએ શા માટે ગભરાવું જોઇએ? માણસનું મૃત્યુ સ્વાભાવિક જ છે, એટલું જ નહીં, પણ મરણથી જ જીવનની ઉત્પત્તિ છે.

જે વિવેકી હોય છે તે વિચારે છે કે, 'ભગવાનની પાસે જવાનો માર્ગ કયો? આપણા હૃદયનો કયો અંશ દૈવી છે? એટલે કે આપણા હૃદયનો કયો અંશ પરમાત્માની પાસે રહે છે?'

૫

જેનાથી સાચું સુખ ક્યારેય મળવાનું નથી, એવા અનેક પ્રકારના વિષયોમાં મન લગાડશો નહીં. બીજાઓના મનમાં શું છે એ જાણવાની તકલીફમાં પડશો નહીં. તમે માત્ર પોતાના અંતરાત્મા તરફ જ નજર કરો. એને ઓળખવાનો પ્રયત્ન કરો. તમારા આત્માની કેવી રીતે ઉન્નતિ થઇ શકશે, એનો જ વિચાર કરો. એવી સમજણ ન હોવાથી જ માણસ દુઃખી થાય છે. અવિવેક, દુઃખ અને સંશયને મનમાં સ્થાન ન આપીએ, તો જ આત્માનો ઉદ્ધાર થાય છે. ભાગ્યવશાત્ જે સુખ મળી આવે તેનો તથા અનિવાર્ય રીતે જે દુઃખ ભોગવવું પડે એનો પણ એકસરખી રીતે ભગવાનનું દીધેલું વરદાન સમજીને વિનયપૂર્વક સ્વીકાર કરો. તમારી સાથે બીજા માણસોએ કરેલા વ્યવહારો સારા હોય કે ખરાબ, એ તમારા સ્વજનોના વ્યવહારો છે એમ સમજીને સદા પ્રસન્ન રહો. કોઇ તમારું બૂરું કરે તોપણ એવું સમજીને તેના પર દયા કરો કે એ માણસને સારા–માઠાની સમજણ નથી. જે



માણસ અંધ છે એને કાળા અને ધોળા રંગ વચ્ચેનો તફાવત કેવી રીતે સમજાય? ભલા એના ઉપર આપણે ક્રોધ કેવી રીતે કરી શકીએ? એના ઉપર તો આપણને દયા જ આવે. એ જ રીતે જેઓ સારા–માઠાનો તફાવત સમજી શકતા નથી એવા માણસો તરફ દયાભાવથી જ જુઓ.

ધારો કે તમે હજારો વર્ષ જીવતા રહી શકો છો. આમ છતાં મૃત્યુ અનિવાર્ય છે, એનું દુઃખ ક્ષણિક છે. ભૂતકાળ તો ગયો, એને માટે તમે કાંઇ કરી શકો એમ નથી. ભવિષ્ય પણ તમારા હાથમાં નથી. જે કાંઇ છે એ વર્તમાનમાં જ છે. આ કારણે જ લાંબા કે ટૂંકા આયુષમાં કાંઇ ખાસ ફરક નથી. વર્તમાનકાળનું પરિણામ સૌને માટે એકસરખું જ રહે છે. આટલું સમજી લ્યો. સંસારમાં આપણે જે કાંઇ જોઇએ છીએ, એ બધું આ દુનિયામાં વારંવાર થતું જ આવ્યું છે, એમાં નવીનતા છે જ નહિ. આથી જોયેલી ચીજોને સો વર્ષ સુધી જોતા રહો કે બે વર્ષ સુધી, એમાં શો ફરક પડવાનો છે? આથી મૃત્યુથી ડરવાની અને જીવતા રહેવાની ઇચ્છા રાખવાની જરૂર નથી.

બધી વસ્તુઓ, આપણે એનો જેવો ઉપયોગ કરીએ એ પ્રમાણે સારી કે ખરાબ થાય છે. દુનિયાની વસ્તુઓની પોતાની કાંઇ શક્તિ નથી. એ આપણા મનદ્વારા જ સારી કે ખરાબ બને છે.

(ક્રમશઃ)

માનસિક રોગોનો રામબાણ ઇલાજ

# वितर्कबाधेन प्रतिपक्षभावनम्-पतंजलि

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

(Positive Thinking against negative Thinking)

થોડા સમય અગાઉ ભારતના એક મહાન માનસશાસ્ત્રીને મળવાનો અવસર સાંપડયો. એમને, વાર્તાલાપ દરમિયાન મેં જણાવ્યું કે : 'પતંજલિ મુનિએ પોતાના યોગસૂત્રોમાં અમુક માનસિક રોગોનો રામબાણ ઇલાજ સૂચવ્યો છે, આ સાંભળી તેઓ આશ્ચર્યચકિત થઇ ગયા અને આ વિશે ઊંડાણપૂર્વક જાણવાની એમણે તીવ્ર ઇચ્છા પ્રગટ કરી. એટલે મેં જણાવ્યું કે પતંજલિ મુનિએ જણાવ્યું છે કે જ્યારે વિતર્ક બાધા ઉત્પન્ન કરે ત્યારે પ્રતિપક્ષની ભાવના કરવી.

પ્રથમ આપણે વિતર્ક એટલે શું તે સમજી લઇએ. 'સર્વલક્ષણસંગ્રહ'માં જણાવ્યું છે કે જે બાબતમાં વારંવાર વિવિધ પ્રકારની શંકા થયા કરે તે વિતર્ક કહેવાય. આ માનસિક રોગથી પીડાતી વ્યક્તિ દરેક બાબતમાં જાતજાતની શંકાઓ કર્યા કરે છે અને કોઇ ચોક્કસ નિર્ણય લઇ શકતી નથી. તમે અમુક વ્યક્તિને કહો કે : 'ચાલો હરિદ્વાર, સર્વેશ્વરી મા દેવીની શિબિરમાં જઇશું?'

આ વ્યક્તિ તરત જ બોલી ઊઠશે : 'આજકાલ ટ્રેનોના કેટલા બધા અકસ્માત થાય છે! વળી ખોરાકમાં ફેર થાય અને પાણીમાં ફેરફાર થાય અને માંદા પડી જવાય તો.' આપણે જઇએ અને ધર્મશાળામાં જગા ન મળે તો? ગંગામાં સ્નાન કરતા ડૂબી જવાય



તો? સામાન કે પાકીટ ચોરાઇ જાય તો? ના, ભાઇ મારે નથી આવવું.'

આવા નમૂના આપણને સહુને વહેલા કે મોડા મળવાના જ.

આવી શંકાશીલ વ્યક્તિઓ શંકાને કારણે હિંસા કરે છે. અસત્ય બોલે છે, અપ્રામાણિકતા આચરે છે, વ્યભિચાર કરે છે, બિનજરૂરી સંગ્રહ કર્યા કરે છે, વાણી, વિચાર અને આચારથી અસ્વચ્છ રહે છે, સદાય અસંતોષી રહ્યા કરે છે, ક્યારેય સખત પુરુષાર્થ કરતી નથી, આત્મજ્ઞાન માટે અભ્યાસ કરતી નથી અને સાચા દિલથી પરમાત્માની ભક્તિ કરી શકતી નથી. આ તમામની પાછળ એનો વિતર્ક–શંકાશીલ સ્વભાવ જ કારણભૂત હોય છે.

આવા વિતર્કથી પ્રેરાઇ તે હિંસા આદિ કરે છે, કરાવે છે અથવા હિંસા કરવા કોઇને અનુમોદન આપે છે. આ બધાની પાછળ એનો લોભ, ક્રોધ તથા મોહ પણ રહેલો હોય છે.

આવા મનુષ્યને સાચી પરિસ્થિતિનું જ્ઞાન કે ભાન હોતું નથી. પરિણામે તે મનુષ્ય જીવનમાં અંતે દુઃખનો જ અનુભવ કરે છે.

ઉપર દર્શાવેલ વિવિધ પ્રકારની શંકા–કુશંકાઓ થયા જ કરતી હોય તો? પતંજલિ મુનિ કહે છે તેમ એની વિરુદ્ધની ભાવના કરવી.

ધારો કે મને શંકા થાય કે અમુક વ્યક્તિએ મારા ભાઇનું ખૂન કર્યું છે, કરાવ્યું છે અથવા મારા ભાઇનું ખૂન કરવા અનુમોદન આપ્યું છે. આવો વિતર્ક મનમાં આવે ત્યારે મારે એવો જ વિચાર કરવો જોઇએ કે 'કદાચ એણે મારા ભાઇનું ખૂન ન પણ કર્યું હોય, ન પણ કરાવ્યું હોય અને મારા ભાઇનું ખૂન કરવા એણે અનુમોદન ન પણ આપ્યું હોય. હવે જો હું એનું ખૂન કરું, કરાવું કે તેને માટે અનુમોદન આપું તો શું પરિણામ આવે?' આમ હું વારંવાર ચિંતન કર્યા કરું તો મારા મનમાંથી તે શંકાસ્પદ વ્યક્તિનું

ખૂન કરવાનો વિચાર હળવો થઇને જતો રહેશે અને હું ફાંસીની કે જન્મકેદની સજામાંથી બચી જઇશ.

શંકાને કારણે ભય જન્મે છે. આને લીધે અંધકારમાં જતાં આપણને ભય લાગે છે કે અંધકારમાં કોઇ ભૂત મને વળગશે તો? આવો વિચાર આવે તો સામો એવો વિચાર કર્યા કરવો કે ભૂતપ્રેત છે જ નહીં અને કદાચ હોય તોપણ મારા ઇષ્ટદેવના નામનું હું રટણ કરું છું. એમના નામની મેં વીંટી પહેરી છે એટલે ભૂતપ્રેત મને કંઇ કરી શકશે નહીં. આપણને ક્યારેક એકાંતમાં પણ ભયંકર ડર સતાવે ત્યારે આપણે સામું એવું ચિંતન કરવું જોઇએ કે હું ક્યાં એકલો છું! ભગવાન તો મારી સાથે છે જ.

કેટલાક લોકો અજાણી વ્યક્તિથી એટલા બધા ડરે છે કે એમની સાથે વાતચીત કે લેવડદેવડ પણ કરતા નથી. આવી વાતચીત કે લેવડદેવડથી કદાચ નુકસાન થાય તો? આવા વિતર્કથી તેઓ પીડાયા કરે છે. આવા પ્રસંગે એવો વિરુદ્ધ વિચાર કરવો કે કદાચ આ અજાણી વ્યક્તિ મારી સારામાં સારી મિત્ર પણ બની શકે. મારા જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવી શકે.

ચન્દ્રકાન્તને વિદેશમાં ઘણો જ સરસ ચાન્સ મળે તેમ છે પણ તેઓ શકાઓમાં અટવાઇ પડયા છે. કે વિદેશમાં ધર્મ બરાબર ન પાળી શકાય તો? પાસપોર્ટ ખોવાઇ જાય તો? કોઇ સહાય ન કરે તો? ગુંડાઓની ટોળી ત્યાં ખૂન કરી નાંખે તો? શરાબ, માંસાહાર અને ધૂમ્રપાનની ટેવ પડી જાય તો? વધુ પડતો પરિશ્રમ કરવો પડે તો? ત્યાંના લોકોની માફક સારા ઉચ્ચારથી અંગ્રેજી બોલતાં નહીં આવડે તો?

આવા વિતર્કો સતાવે ત્યારે વિરુદ્ધ વિચારો કરવા કે મારા વિશિષ્ટ જ્ઞાન અને ડીગ્રીઓની વિદેશમાં જ વધારે કદર થશે. પાસપોર્ટ બરાબર સાચવવા હું જરૂર કાળજી રાખી શકીશ. વિદેશમાં કોઇને કોઇ તો સહાય કરનાર મળી જ રહેશે. હું ગુંડાઓથી દૂર જ રહીશ તો ગુંડા શા માટે મારું ખૂન કરશે? મારા માબાપના આપેલા સંસ્કારો એટલા સુદૃઢ છે કે મને શરાબ આદિની ટેવ પડી શકે જ નહીં. અંગ્રેજીના સાચા ઉચ્ચાર તો બીજાઓની માફક મને અનુભવથી આવડી જશે. વિદેશોમાં પણ આપણા ધાર્મિક, સાંસ્કૃતિક મંડળો સરસ ચાલે છે. વળી ઘરમાં ધર્મ ક્યાં નથી પાળી શકાતો? એટલે વિદેશમાં જઇને મારે મારું ભવિષ્ય તો સુધારવું જ જોઇએ.



આવી જ રીતે કોઇ ગંભીર માંદગી આવે ત્યારે શંકા થાય કે આમાં તો આર્થિક રીતે ખુવાર થઇ જઇશ. કદાચ સાજા થવાને બદલે અપંગ અવસ્થા આવી પડે કે મૃત્યુ થાય તો મારા કુટુંબીજનોનું શું થાય? આ સારવારથી હું સાજો થઇશ? આવી શંકાઓ આવે ત્યારે એવો વિચાર કરવો કે ભગવાન મારી પાસે સારા કાર્યો કરાવવા જરૂર મને આ માંદગીમાંથી છૂટકારો અપાવશે. મારી અંદર રહેલા અંતર્યામી ભગવાન મને જલદી સાજો કરવા પ્રયત્ન કરી રહ્યા છે એટલે હું જરૂર સાજો થઇશ. આવા વિચારો કરવાથી આપણું જે મન આપણા શરીરની અંદરની ક્રિયાઓનું નિયમન કરે છે તે બળવાન બને છે અને આપણે જલદી સાજા થઇએ છીએ.

વિદ્યાર્થીઓ પણ ઘણીવાર વિતર્ક–શંકાઓ કરે છે કે આપણા નશીબમાં વિદ્યા જ ક્યાં છે તે ભણી શકાય? ભણેલા ભૂખે મરે છે એમ ભણીને હું બેકાર બની જઇશ તો? મારી વિદ્યાની કોઇ કદર નહીં કરે તો? શિક્ષક–પ્રાધ્યાપક બરાબર ભણાવશે નહીં તો? કોર્સ પૂરો કરશે કે નહીં? વાંચેલું યાદ રહેશે કે નહીં? આ કોલેજ-

માં મને ફાવશે કે નહીં? આવી શંકા–કુશંકા કર્યા કરનાર વિદ્યાર્થી ક્યારેય તેજસ્વી વિદ્યાર્થી બની શકે નહીં. પણ જો તે એવા વિરુદ્ધ વિચાર કર્યા કરે કે મારા નસીબમાં ઘણી વિદ્યા છે. સારી રીતે ભણીશ તો મને સારી નોકરી મળશે. મારી વિદ્યાની વહેલી કે મોડી કદર થશે જ. મારા પ્રાધ્યાપક કદાચ બરાબર નહીં ભણાવે તો મારી મેળે જ ભણીશ. મને વાંચેલું જરૂર યાદ રહેશે જ. આમ કરવાથી વિદ્યાર્થી, આ સૂત્ર પ્રમાણે જરૂર તેજસ્વી વિદ્યાર્થી બનશે.

આવું જ વેપારી અને ઉદ્યોગપતિનું છે. કદાચ નફો નહીં થાય તો મારું શું થશે? મોંઘવારી વધી જશે તો શું થશે? સરકાર કર-વેરા વધારે નાંખશે તો મારું શું થશે. આવા વિચારો પાછળ સમય અને શક્તિ વેડફનાર વેપારી કે ઉદ્યોગપતિ ક્યારેય સફળ થઈ શકે નહીં. નફો થશે જ. મોંઘવારીને હું પહોંચી વળીશ. કરવેરાને ય હું પહોંચી વળીશ. આવા વિચાર કરે તો વેપારી–ઉદ્યોગપતિ જરૂર સફળ થાય જ.

એક શેઠ પાસે બે લાખ રૂપિયા આવ્યા ત્યારે બેન્ક બંધ થઈ ગયેલી. રાતે બે લાખ રૂપિયાની થેલી ઘેર લાવી તીજોરીમાં મૂકી. રાતે વિચાર આવ્યો કે ચોર તાળાને ય ઓગાળી નાંખે એવા સાધન સાથે આવે તો શું થાય?

આવી શંકા કરીને એમણે નાણાંની થેલી ઓશીકા નીચે મૂકી. કલાકમાં શંકા થઈ કે ચોર તો ઓશીકા નીચેથી થેલી સરકાવીને લઈ શકે. એટલે થેલી ગાદલાની નીચે રાખી. ફરી શંકા થઈ કે ચોર બેભાન કરવાની દવા છાંટીને ગાદીની નીચેથી પણ થેલી લઈ જઈ શકે. એટલે એમણે નાણાંની થેલી કાતરિયામાં ફગાવી દીધી જેથી ચોર ચોરી ન જાય. પણ મોડી રાત થવાથી શેઠને ઊંઘ



આવી ગઈ અને નસકોરા બોલ્યા એટલે કાતરિયામાં છૂપાઈને બેઠેલો ચોર નાણાંની થેલી લઈ નીચે ઉતરી ભાગી ગયો.

આથી જ ગીતા કહે છે કે વિતર્કવાળો–શંકાવાળો મનુષ્ય નાશ પામે છે–સંશયાત્મા વિનશ્યતિ.

આમ આ સૂત્રમાં પતંજલિએ મનના અનેક રોગનો સચોટ ઈલાજ સૂચવ્યો છે.

વિતર્કને મળતો આવતો બીજો યોગનો શબ્દ વિકલ્પ છે. પણ વિકલ્પમાં જ્યારે વિવિધ રચનાત્મક પરિણામગામી કલ્પના કરવા-માં આવે ત્યારે તે લાભદાયક બની શકે. પરંતુ વિકલ્પમાં જ્યારે માત્ર શબ્દથી થતું જ્ઞાન હોય પરંતુ એ કલ્પના કોઈ વાસ્તવિક વસ્તુ સાથે સંબંધ ન ધરાવે ત્યારે તે ક્લિષ્ટ વૃત્તિ જ બની રહે છે.

**સુવાક્ય**

કદી એવું ના માનો કે પરમાત્માની પ્રાપ્તિ એ અમુક માણસોનો ઈજારો છે. એવું નથી. સ્વાનુભૂતિનો મંગલ માર્ગ સહુને માટે ઊઘાડો છે. જરૂર છે તે દિશામાં પુરુષાર્થ કરવાની.

**યોગેશ્વરજી**

*** પરફેક્ટ એન્ટરપ્રાઈઝ ***
**મરચન્ટ, એક્સપોર્ટ્સ, ઈમ્પોર્ટર્સ**
**એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ**
૪૨, જય શ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર
રજપૂતપરા મેઈન રોડ, રાજકોટ.
ફોન નં. ઓ. : ૨૨૫૪૭૮ ઘર : ૪૫૫૫૧૪

પોલ બ્રન્ટનની

# માસ્ટર મહાશય સાથે મુલાકાત

મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદક : યોગેશ્વર

મને વાતે વળગવાની ઇચ્છા હતી, પરંતુ વાત કરવાલાયક કોઇ ન દેખાયું. પૂર્વને પશ્ચિમની વચ્ચેનો અદૃષ્ટ અંતરાય મને બીજા બધાથી અલગ પાડતો હોય એવું લાગ્યું એટલા માટે, જ્યારે બ્રાહ્મણે 'રામકૃષ્ણનું જીવન'નામના શીર્ષકવાળી ચોપડી કાઢી ત્યારે મને ઘણો જ આનંદ થયો, એ નામ ચોપડીના પૂંઠા પર એવા મોટા અક્ષરે છાપ્યું હતું કે મારાથી જોયા વિના ન રહેવાયું. હું લાલચ રોકી ના શકવાથી એની સાથે વાતે વળગ્યો. કોઇએ મને એક વાર એવું નહોતું કહ્યું કે રામકૃષ્ણ ઋષિઓમાં સૌથી છેલ્લા અથવા અંતિમ આધ્યાત્મિક મહાપુરુષ હતા? એ મુદ્દા પર મેં મારા સહપ્રવાસી સાથે વાતચીત શરૂ કરી, અને એણે મને સાથ આપ્યો. અમે તાત્ત્વિક ચર્ચાના ઉચ્ચત્તમ શિખર પર પહોંચી ગયા અને ભારતીય જીવનની ઘરેલુ બાજુની વાતો કરતા નીચે ઊતર્યા.

જ્યારે જ્યારે એ ઋષિના નામનો નિર્દેશ કરતો ત્યારે એનો સ્વર પ્રેમ ને પૂજ્યભાવથી ભરાઇ જતો, તથા એની આંખ પ્રકાશી ઊઠતી. લાંબા સમયથી સમાધિસ્થ થયેલા એ મહાપુરુષ પ્રત્યેની એની ભક્તિ યથાર્થ ને શંકારહિત હતી. બે કલાકની વાત દરમિયાન મને જણાયું કે એ બ્રાહ્મણના ગુરુ મહાન રામકૃષ્ણના બે કે ત્રણ જીવંત શિષ્યોમાંના એક છે. એના એ ગુરુ આશરે



એંસી વરસના છે, અને કોઇ એકાંત જંગલ પ્રદેશમાં નહિ પરંતુ કલકત્તાના હિંદુ લત્તાની વચ્ચે વાસ કરે છે.

મેં એમનું સરનામું માગ્યું. એણે એ ખુશીથી પૂરું પાડયું.

'એમને મળવા માટેની તમારી પોતાની ઇચ્છા સિવાયની બીજી કોઇ પણ પ્રકારની ઓળખાણની જરૂર ત્યાં નહિ પડે.' વકીલે કહી બતાવ્યું.

અને એ પ્રમાણે હું હવે કલકત્તામાં રમકૃષ્ણના વયોવૃદ્ધ શિષ્ય માસ્ટર મહાશયના મકાનની તપાસ કરવા લાગ્યો.

રસ્તાની પાસે આવેલા ખુલ્લા વાડામાંથી પસાર થઇને, એક મોટા જૂનાપુરાણા મકાનમાં લઇ જતી ઊંચી નિસરણી પાસે હું આવી પહોંચ્યો. અંધારી નિસરણીના પગથિયાં પરથી આગળ વધીને છેક ઉપરના માળના નાના બારણામાંથી અંદર પ્રવેશ્યો. એ એક નાનો ખંડ હતો. અને એનો દરવાજો સપાટ, અગાસી જેવા છાપરા પર પડતો. એની બે દીવાલો પાસે બેસવાની નીચી બેઠકો હતી. એક દીપક અને થોડાંક પુસ્તકો ને કાગળો સિવાય એ ઓરડામાં બીજું કશું જ નહોતું દેખાતું. ઓરડામાં એક યુવકે આવીને એના ગુરુ નીચેના માળથી ઉપર આવે ત્યાંસુધી રાહ જોવાની મને સૂચના કરી.

દસ મિનિટ થઇ ગઇ. નીચેના ખંડમાંથી બહાર પરસાળમાં આવીને કોઇ દાદર પર ચડતું હોય એવો અવાજ મને સંભળાયો. મારા મગજમાં તરત જ ઝણઝણાટી પેદા થઇ ને મને એકાએક વિચાર આવ્યો કે એ માણસે પોતાના વિચારો મારા પર કેન્દ્રિત કર્યા છે. દાદર પર એ વ્યક્તિનો પગરવ સંભળાયો. એમની ચાલ અત્યંત ધીમી હોવાથી, લાંબે વખતે એ ઓરડામાં આવ્યા, ત્યારે

એમનું નામ જાહેર કરવાની જરૂર ન રહી. બાઈબલનાં પૃષ્ઠોમાંથી કોઈ માનનીય મુખ્ય પુરુષ પ્રગટ થયા હોય, એવું લાગવા માંડયું. માથે ટાલવાળી, લાંબી સફેદ દાઢીવાળી, સફેદ મૂછ, ગંભીર મુખાકૃતિ અને મોટી મનનશીલ આંખવાળી, તથા ૮૦ વરસ જેટલા દુન્યવી જીવનને લીધે થોડાક નમી ગયેલા ખભાવાળી એ વ્યક્તિ માસ્ટર મહાશય વિના બીજી કોઈ જ ન હોઈ શકે, એની મને ખાતરી થઈ.

કોચ પર બેસીને એમણે મારી તરફ મોઢું ફેરવ્યું. એમના શાંત ને ગંભીર સાન્નિધ્યમાં મને તરત જ પ્રતીતિ થઈ કે હળવી વાતો, વિનોદ કે ઠઠ્ઠામશ્કરી તથા મારા અંતરમાં અવારનવાર ઉત્પન્ન થતા ભયંકર દોષદર્શન અને ઘેરા શંકાવાદના ઉચ્ચારણનો અવકાશ અહીં નથી લાગતો. ઈશ્વરની સંપૂર્ણ શ્રદ્ધા અને ચારિત્ર્યની ઉત્તમતાના સુભગ સમન્વયને પરિણામે પેદા થયેલું એમનું વ્યક્તિત્વ એમના દર્શનમાત્રથી સૌ કોઈને દેખાઈ આવે તેમ હતું.

સંપૂર્ણ શુદ્ધ ઉચ્ચારણવાળા અંગ્રેજીમાં એમણે મને સંબોધન કર્યું.

‘તમારું સ્વાગત કરવામાં આવે છે.’

એમણે મને પાસે આવવાની અને એમના જ કોચ પર બેસવાની આજ્ઞા કરી. થોડીક મિનિટો સુધી એમણે મારો હાથ પકડી રાખ્યો. મારો પરિચય આપવાનું અને મારા આગમનનું પ્રયોજન કહી બતાવવાનું મને ઉચિત લાગ્યું. મારું વક્તવ્ય પૂરું થયું એટલે એમણે મારો હાથ ફરી વાર માયાળુતાથી દબાવ્યો અને કહ્યું :

‘મહાન શક્તિએ તમને ભારતમાં આવવાની પ્રેરણા કરી છે, અને એ જ શક્તિ તમને અમારા દેશના સંતપુરુષોનો સમાગમ કરાવી રહી છે. એની પાછળ ખરેખરો હેતુ સમાયેલો છે. એને તમે ભવિષ્યમાં જાણી શકશો. એની ધીરજપૂર્વક પ્રતીક્ષા કરો.’



‘તમે એવો વિષય છેડયો છે જેના વિશે વાત કરવાનું મને સૌથી વધારે ગમે છે. એ અમને આશરે પચાસ વરસ પહેલાં છોડી ગયા છે, પરંતુ એમની સુખદ સ્મૃતિ મારો ત્યાગ કદી નથી કરી શકતી. મારા હૃદયમાં કાયમ માટે એ એવી જ તાજી તથા સુવાસિત છે. હું સત્તાવીસ વરસનો હતો ત્યારે મને એમનો મેળાપ થયો, અને એમના જીવનનાં છેલ્લાં પાંચ વરસ હું એમના સંસર્ગમાં સતત રહ્યો. પરિણામે હું એક જુદો જ માણસ બની ગયો. જીવન પ્રત્યેનું મારું દૃષ્ટિબિંદુ જ બદલાઈ ગયું. ઈશ્વરીય રામકૃષ્ણનો પ્રભાવ એવો ભારે હતો. એમની મુલાકાત લેનારા સૌ કોઈને એ આધ્યાત્મિકતાથી આંજી નાંખતા. સામાન્ય રીતે કહીએ તો એ એમને મુગ્ધ કરતા અને આનંદ આપતા. એમની હાજરીમાં હાંસી કરવા આવનારા જડવાદી લોકો પણ મૂંગા બની જતા.’

‘પરંતુ એવા લોકોને આધ્યાત્મિકતા માટે આદરભાવ કેવી રીતે થઈ શકે? એવા આદરભાવમાં તો તે માનતા જ ન હોય.’ મેં આશ્ચર્યચકિત થઈને વચ્ચે પૂછ્યું.

માસ્ટર મહાશયના મોઢાના ખૂણા એમના અર્ધ સ્મિતને લીધે ખેંચાયા. એમણે ઉત્તર આપ્યો :

‘બે માણસોએ મરચાનો સ્વાદ ચાખ્યો. એકને એના નામની ખબર નથી, અને એણે પોતાના જીવનમાં એનું કદી દર્શન પણ નથી કર્યું. બીજાને એનો બરાબર ખ્યાલ છે, અને એને એ તરત ઓળખી કાઢે છે. છતાં બંનેને એનો સ્વાદ એકસરખો નહિ

લાગે? બંનેને એને લીધે જીભ પર બળતરાનો અનુભવ નહિ થાય? એ જ પ્રમાણે રામકૃષ્ણની આધ્યાત્મિક મહાનતાથી અજ્ઞાત હોવા છતાં જડવાદી લોકો એમની આધ્યાત્મિકતાના અનોખા પ્રભાવથી પ્રભાવિત થયા વિના કે એનો સ્વાદ ચાખ્યા વિના ન રહી શકતા.'

'તો પછી એ શું સાચેસાચ એક આધ્યાત્મિક મહાપુરુષ હતા?'

'હા. અને મારી માન્યતા મુજબ એથી પણ વધારે. રામકૃષ્ણ એક સાદા, અભણ અથવા નિરક્ષર પુરુષ હતા. એ એવા અભણ હતા કે કાગળ લખવાનું તો બાજુએ રહ્યું પરંતુ પોતાના નામની સહી પણ નહોતા કરી શકતા. એમનો દેખાવ સરળ હતો અને એમની જીવનપદ્ધતિ એથી પણ વધારે સરળ હતી, છતાં તેઓ એ વખતના ભારતના કેટલાક સુશિક્ષિત ને સુસંસ્કૃત માનવોની શ્રદ્ધા-ભક્તિ સંપાદન કરી શક્યા હતા. એમની અતિ વિરલ, અનુભવી શકાય એવી પ્રખર આધ્યાત્મિકતાની આગળ એમને મસ્તક નમાવવું પડતું. એમણે અમને શિખવાડયું કે આધ્યાત્મિકતાની સરખામણીમાં અભિમાન, ધન, ઐશ્વર્ય, દુન્યવી પ્રતિષ્ઠા તથા પદ ક્ષુલ્લક છે, કશી વિસાતમાં નથી, અને મનુષ્યને છેતરનારી ક્ષણભંગુર ભ્રમણા માત્ર છે. એ દિવસો અત્યંત આશ્ચર્યકારક હતા. અવારનવાર એ એવી અલૌકિક પ્રત્યક્ષ રીતે જોવા મળતી સમાધિમાં ઊતરી જતા કે એ વખતે એમની આગળ એકઠા થયેલા અમને એમ જ લાગતું કે એ માનવ નથી, પણ ઈશ્વર છે. કેવળ એકાદ સ્પર્શથી પોતાના શિષ્યોની એવી અવસ્થાનો અનુભવ કરાવવાની શક્તિ પણ એમનામાં હતી એ ખરેખર આશ્ચર્યકારક હતું. એ અવસ્થામાં પ્રત્યક્ષ અનુભવદ્વારા એ ઈશ્વરના ગૂઢ રહસ્યનું જ્ઞાન મેળવતા. પરંતુ મને એમણે કેવી રીતે પ્રભાવિત કર્યો એ કહી બતાવું.'



'મેં પશ્ચિમની પદ્ધતિ પ્રમાણે શિક્ષણ મેળવેલું. મારું મગજ બૌદ્ધિક અભિમાનથી ભરેલું હતું. કલકત્તાની કોલેજોમાં મેં જુદે જુદે વખતે અંગ્રેજી સાહિત્ય, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના પ્રોફેસર તરીકે કામ કરેલું. કલકત્તાથી થોડાક માઇલ પર નદીકાંઠે આવેલા દક્ષિણેશ્વરના મંદિરમાં રામકૃષ્ણ નિવાસ કરતા હતા. વસંતઋતુના એક અવિસ્મરણીય દિવસે ત્યાં મને એમની મુલાકાતનો અને એમના સ્વાનુભવના પરિણામે પેદા થયેલા આધ્યાત્મિક વિચારો સીધીસાદી ભાષામાં સાંભળવાનો લાભ મળ્યો. એમની સાથે દલીલમાં ઊતરવાનો નિર્બળ જેવો પ્રયાસ મેં કરી જોયો, પરંતુ એમની પવિત્ર હાજરીમાં મારું મોઢું તરત જ બંધ થઇ ગયું. એની અસર મારા પર એટલી બધી ઊંડી પડી કે એને શબ્દોમાં વ્યક્ત ન કરી શકાય. મેં એમની અવારનવાર મુલાકાત લેવા માંડી. દીન જેવા દેખાતા નમ્ર ને દિવ્ય એ પુરુષથી દૂર રહેવાનું મારે માટે અશક્ય થઇ પડયું. છેવટે રામકૃષ્ણે એક દિવસ હસતાં હસતાં કહેવા માંડયું.

એક મોરને બરાબર ચાર વાગે અફીણની ગોળી આપવામાં આવી. બીજે દિવસે એ ફરીથી બરાબર એ જ વખતે આવી પહોંચ્યો. એ અફીણના ઘેનમાં હતો ને બીજી ગોળી લેવા આવી પહોંચ્યો હતો.

'એક રીતે જોતાં એ સાચું હતું. રામકૃષ્ણની સંનિધિમાં મને જે સુખદ અનુભવો થતા તે પહેલાં કદી પણ નહોતા થયા. એટલે એમની પાસે હું વારંવાર જવા માંડયો. એમાં કોઇ આશ્ચર્ય છે ખરું? એવી રીતે કેવળ પ્રસંગોપાત્ત આવતા મુલાકાતીઓ કરતાં અલગ તરી આવીને હું એમના ખાસ શિષ્યોમાંનો એક થયો.' મારા ગુરુએ મને એક વાર કહ્યું :

'તારી આંખનાં, તારા કપાળનાં અને તારા ચહેરાનાં લક્ષણો પરથી હું જોઇ શકું છું કે તું યોગી છે. એટલા માટે કામ કરતાં કરતાં મનને ઈશ્વરમાં જોડેલું રાખ. માતાપિતા, સ્ત્રી ને સંતાન સાથે તારાં પોતાનાં હોય તેમ રહીને એમની સેવા કર. કાચબો સરોવરના પાણીમાં તરે છે પણ એનું મન કિનારા પરનાં એનાં ઇંડામાં લાગ્યું હોય છે, એવી રીતે દુન્યવી કામ કરતાં કરતાં મનને ઈશ્વરમાં રાખ.'

'એટલા માટે, અમારા ગુરુના દેહવિલય પછી, મોટાભાગના બીજા શિષ્યોએ સ્વેચ્છાપૂર્વક સંસારત્યાગ કરીને ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં અને ભારતવર્ષમાંથી રામકૃષ્ણનો સંદેશ વહેતો કરવા પોતાની જાતને તૈયાર કરી ત્યારે પણ, મેં મારું કામ ન છોડયું ને શિક્ષણક્ષેત્રે મારી સેવા ચાલુ રાખી. છતાં સંસારમાં રહ્યા છતાં એનાથી અલિપ્ત રહેવાનો મારો નિર્ણય એવો ભારે હતો કે કેટલીક વાર મધ્યરાત્રિ દરમિયાન સેનેટ હાઉસની ખુલ્લી પરસાળમાં જઇને ત્યાં રાત્રિ વ્યતીત કરવા માટે એકઠા થયેલા શહેરના ઘર વગરના ભિખારીઓની સાથે હું સૂઇ જતો. એને લીધે કામચલાઉ વખત માટે પણ મને અનુભવવા મળતું કે હું એક સંપત્તિ વગરનો મનુષ્ય છું.'

'રામકૃષ્ણ તો વિદાય થયા છે, પરંતુ ભારતમાં પ્રવાસ કરશો તેમ તેમ એમના શરૂઆતના શિષ્યોની પ્રેરણાદ્વારા કરાતી સામાજિક કેળવણી, ઔષધિ તથા જીવદયાને લગતી પ્રવૃત્તિઓમાંથી કેટલીકનું દર્શન તમે કરી શકશો. એ શિષ્યોમાંના મોટા ભાગના શિષ્યો પણ હવે વિદાય થઇ ગયા છે. એ અદ્ભુત મહાપુરુષની અસરથી જેમનાં હૃદય અને જીવનનાં પરિવર્તન થયાં હોય એવા લોકોની સંખ્યાનો ખ્યાલ તમને એટલો જલદી નહિ આવી શકે.



કારણ કે એમનો સંદેશ એક શિષ્યદ્વારા બીજા શિષ્યને પરંપરાગત આપવામાં આવ્યો છે. એ શિષ્યોએ એને જેટલી વ્યાપક રીતે ફેલાવી શકાય એટલી વ્યાપક રીતે ફેલાવ્યો છે. એમનાં અનેક ઉપદેશવચનોને બંગાળીમાં લિપિબદ્ધ કરવાનું મને સદ્ભાગ્ય મળ્યું છે. એ છપાયેલા પુસ્તકને બંગાળના લગભગ પ્રત્યેક ઘરમાં સ્થાન મળ્યું છે, અને એના અનુવાદો ભારતના બીજા ભાગોમાં પહોંચી ગયા છે. એના પરથી તમને સમજાશે કે રામકૃષ્ણની અસર એમના નજીકના શિષ્યોના નાનકડા મંડળને વટાવીને કેટલી બધી દૂર પહોંચી ગઇ છે!

**સુવાક્ય**

પ્રાર્થના એક એવું સાધન છે કે તેના વડે પરમાત્મા કે ઈશ્વર સાથે સીધો સંપર્ક સાધી શકાય છે. એટલે હર પરિસ્થિતિમાં—હર માનવ જો એનો આશ્રય લે તો તેને તેની મોટાભાગની સમસ્યાઓનું હલ જડી જાય એમ છે. **યોગેશ્વરજી**

**ઈલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઈલ એન્જીન મશીન**
**તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના**
**સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી**
**સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ**
*** જયંતીલાલ મોહનલાલ દઢાણીયા ***
**ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,**
એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.
જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)
ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯
ફેક્સ : (૦૯૧) ૦૨૬૩૫૩-૨૪૫૯/૨૦૬૭

# પિતૃભક્તિની પરીક્ષા

પ્રાગજી ડોસા

"માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ." તૈત્તરીય ઉપનિષદ આ પાઠ શીખવે છે. તેમાં માતાને પિતા કરતાં અગ્રસ્થાન આપ્યું છે, કારણ બાળકની પ્રથમ ગુરુ માતા છે. બાળક ગર્ભમાં હોય ત્યારથી માતાનું સુસંસ્કારી વર્તન, દેવપૂજા આદિની અસર ગર્ભમાંના બાળક ઉપર પડે છે. માટે જ માતાને દેવી માની છે. તે જ પ્રમાણે પિતાને પણ દેવ માનવા કહ્યું છે, કારણ પિતા પણ બાળકને એટલો જ પ્રેમ કરે છે અને એનું ભાવિ સુખમય વીતે તે કાજે કષ્ટ વેઠીને પણ ધન કમાવી લાવે છે. બાળક સુસંસ્કારી થાય માટે ઉપનિષદ સૌથી પહેલાં બે બોધ વાક્યો મૂકે છે.

સત્યં વદ, ધર્મં ચર.

પુરાણકાળમાં દ્વારકામાં શિવશર્મા નામે વેદશાસ્ત્ર સંપન્ન પંડિત રહેતા હતા, તપસ્યા કરી એમણે સિદ્ધિઓ મેળવી હતી. એમને પાંચ પુત્રો, યજ્ઞશર્મા, વેદશર્મા, ધર્મશર્મા, વિષ્ણુશર્મા અને સોમ-શર્મા. પિતાએ જ એમને વેદ, ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર ભણાવ્યા અને પાંચેએ પણ તપસ્યામાં મન પરોવ્યું હતું. પાંચે માનતા પિતાજીનું વાક્ય એટલે વેદવાક્ય. એ આજ્ઞાનું પાલન કરવું અને "શા માટે?" એવો સવાલ કરવો નહીં.

એક દિવસ શિવશર્મા સ્નાન સંધ્યા કરવા નદીપર ગયા ત્યારે એક રૂપવતી નદીમાં ન્હાઇને બહાર આવી. તદ્દન ભીંજાયેલી હતી અને એનાં વસ્ત્ર અંગ સાથે ચીપકી ગયાં હતાં. એનું ગૌર બદન



એના રૂપમાં વૃદ્ધિ કરતું હતું. શિવશર્માને જોતાં લજ્જાની મારી એ ભાગી. પાસેની ઝાડીમાં વસ્ત્રો મૂક્યાં હતાં તે પહેલી ઊતારેલાં ભીનાં વસ્ત્રોનું પોટલું લઇ ઘર તરફ ચાલી. શિવશર્મા પણ એની પાછળ ગયા અને એનું રહેઠાણ જાણી લીધું. સ્નાન સંધ્યા પતાવ્યા પછી ઘેર આવી એમણે પુત્ર વેદશર્માને કહ્યું, 'અમુક ઠેકાણે એક રૂપવતી યુવતી રહે છે એને બોલાવી લાવ. મારે એની સાથે લગ્ન કરવાં છે.'

પિતૃઆજ્ઞા શિરોમાન્ય કરી વેદશર્મા એ યુવતીના રહેઠાણ આગળ ગયો. એ ક્યારે બહાર આવે છે તેની રાહ જોવા લાગ્યો. બજાર ખરીદી માટે એ બહાર આવી કે એની પાસે જઇ એણે કહ્યું, 'હે સુંદરી! મારે ઘેર ચાલ, મારા પિતા તને બોલાવે છે.'

એક અજ્ઞાત યુવકને આ પ્રમાણે વાત કરતાં જોઇ યુવતી નવાઇ પામી. 'કોણ તારા પિતા અને મને શા માટે બોલાવે છે?'

'એમણે તને નદીમાં સ્નાન કરી બહાર આવતાં જોઇ અને તારા પર મોહ પામ્યા છે તારી સાથે લગ્ન કરવા ઇચ્છે છે.'

યુવતી હસવા લાગી. 'એ બુઢ્ઢો જેને માથે ટાલ છે, મોઢામાં દાંત નથી અને ચાલતાં ચાલતાં ડોલે છે એ, મને પરણવા માગે છે? સાઠે બુદ્ધિ નાઠી. ઘરડે ઘડપણ ધૂળ ઘાલવા બેઠો છે. ના કહી દે હું નહીં આવું.'

'ભગવતી, હું પિતૃભક્ત છું. આજ સુધીની એમની બધી જ આજ્ઞા મેં માની છે. તારે જે કહેવું હોય તે મારા પિતાશ્રીને કહેજે પણ અત્યારે મારી સાથે ચાલ.'

'હે પિતૃભક્ત! તારા પિતાનું કહેવું તેં માન્ય કર્યું છે એ સાબિત કરવા હું તારી સાથે આવવા તૈયાર છું પણ તારા પિતાની

પુત્રવધૂ તરીકે. તું રૂપાળો છે, યુવાન છે. તું મારી સાથે લગ્ન કરે તો આવું.'

'અશક્ય, મારા પિતાની અવહેલના કરી કહેવાય, એમને બદલે હું જ તારામાં મોહિત થયો અને મારો સ્વાર્થ સાધવા મેં પિતાશ્રીને દગો દીધો એવું પુરવાર થાય. મારું માન, તું ચાહે તે હું તને આપવા તૈયાર છું. તારી સાથેના લગ્ન સિવાયની કોઇ પણ માગણી કર.'

'તો તારી તપસ્યાના બળે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિ બધા દેવો-નું આવાહન કરી અહીં બોલાવ. હું એમના દર્શન કરવા ઇચ્છું છું.'

'ભલે. મારા મંત્રોને સિદ્ધ કરવા દેવો જરૂર પધારશે.'

વેદશર્માએ આંખો મીંચી ધ્યાન ધર્યું અને પછી બોલ્યો. "ૐ ભૂર્ભુવઃ સ્વઃ બ્રહ્મા, વિષ્ણુ મહેશાદિ દેવતાભ્યો આવાહયામિ। આગતા દેવ પુણ્યોऽहं તવ દર્શનાત્।"

વ્યોમમાં પ્રકાશપુંજ દેખાયો. એ પ્રકાશ સર્વ દેવોનો હતો અને તે નીચે દેવશર્મા પાસે આવ્યો. સુંદરીએ સૌનાં દર્શન કર્યાં અને એવી મુગ્ધ બની ગઇ કે નમન કરવાનું પણ વિસ્મરણ થયું. બધા દેવો તો વેદશર્માને વીંટળાઇ ગોળાકારમાં ઊભા રહ્યા, વિષ્ણુ બોલ્યા.

'હે પિતૃભક્ત! તારી પિતૃભક્તિ જ અમને અહીં ખેંચી લાવી છે. અમારું આગમન વૃથા જતું નથી માટે એક વરદાન માગી લે.'

"હે પરમ પૂજ્ય દેવગણ! જો મારી પિતૃભક્તિથી આપ પ્રસન્ન થયા હો તો હું એટલું જ માગું છું કે મારી એ ભક્તિનો ભાવ સદા કાયમ રહે."

"તથાસ્તુ" કહી સુંદરી સામે નજર પણ નાંખ્યા વિના બધા દેવો અદૃશ્ય થઇ ગયા. વેદશર્માએ સુંદરીને કહ્યું.



"દેવોનાં દર્શન કરી લીધાં? હવે મારા પિતા પાસે ચાલ."

"દર્શન કરે મને શો ફાયદો થયો! મારી સામેય ન જોયું. મને લાગ્યું મને કહેશે તું તો ઉર્વશી, રંભા, તિલોત્તમા કરતાંયે રૂપાળી છે. મારી આશા અધૂરી રહી ગઇ."

"તો મારી પાસેથી બીજું વરદાન માગી લે."

"તું બુદ્ધિમાન છે. બુદ્ધિ મસ્તકમાં હોય છે. મને તારું મસ્તક જોઇએ."

"ખુશીથી ઉતારી આપીશ. એ પણ મારી પિતૃભક્તિને વિશેષ ઓપ આપશે. તારી ઇચ્છા હું પૂરી કરું છું તો મારી પિતૃઆજ્ઞા પળાય માટે મારા મૃત્યુ પછી તું મારા પિતા પાસે જજે. કઠોપ-નિષદમાં લખ્યું છે પિતૃઆજ્ઞા સાર્થક કરવા નચિકેતા પણ યમ-લોકમાં મૃત્યુદેવ પાસે ગયો હતો."

વેદશર્માએ તરત જ પોતાની તલવારવડે પોતાનું મસ્તક કાપી નાંખ્યું. તે જમીન પર પડે તે પહેલાં સુંદરીએ ઝીલી લીધું. લોહીથી એનાં વસ્ત્રો ખરડાઇ ગયાં. તેની પરવા ન કરતાં વેદશર્માનું વચન સિદ્ધ કરવા એના મસ્તક સાથે એ શિવશર્મા પાસે ગઇ અને વેદશર્માનું મસ્તક સામે ધર્યું.

"તમે મને બોલાવી? લો, તમારે માટે ભેટ લાવી છું."

શિવશર્માએ પોતાના લાડકા પુત્રનું લોહી નિંગળતું મસ્તક જોયું પણ હૈયામાં જરાય થડકારો અનુભવ્યો નહીં.

"સમજ્યો. મારે ખાતર મારા લાડકાએ પોતાના દેહનું બલિદાન આપ્યું છે. એવી ઘાતકી સ્ત્રીનું હવે મારે કંઇ કામ નથી.

એનું શબ ક્યાં પડયું છે?"

"મારા આવાસે."

શિવશર્માએ એના બીજા પુત્રધર્મશર્માને વેદશર્માનું મસ્તક આપી કહ્યું, "આ લોહીતરસી સ્ત્રી સાથે જા. એ તને બતાવશે તારા મોટાભાઇનું શબ ક્યાં પડયું છે. પછી શું કરવું તે મારે તને કહેવાનું હોય નહીં."

વેદશર્માનું મસ્તક લઇ ધર્મશર્મા એ સુંદરી સાથે ગયો. વેદશર્માનું શબ પડયું હતું તેની સાથે મસ્તક જોડી દીધું અને તંત્રવિદ્યાની સહાયથી શબ પર મંત્રપુષ્પાંજલિ છાંટી. વેદશર્મા આળસ મરડીને બેઠો થયો. અને...

શિવશર્મા એની કુટીર આગળની યજ્ઞવેદી પાસે અનુષ્ઠાન કરતા બેઠા છે. એમના ચારે પુત્રો પણ વેદીની આસપાસ ગોઠવાયા છે અને કઠોપનિષદનો જ પાઠ ચાલી રહ્યો છે.

**यथा सर्वे प्रभिद्यन्ते हृदयस्येह ग्रंथयः ।**
**अथ मर्त्योऽमृतो भवति एतावद्ध्यनुसामानम् ॥**

જ્યારે હૃદયની બધી ગાંઠો છૂટી જાય છે ત્યારે જીવ મર્ત્ય મટી અમર બની જાય છે. આજ અંતિમ સાર છે.

બધા બોલતા હતા પરંતુ વેદશર્મા તંદ્રામાં હતો તેને શિવશર્માએ જગાડયો.

"પિતૃભક્તિની કસોટીમાંથી તું યશસ્વી રીતે પાર ઊતર્યો છે. તેં જે અનુભવ્યું તે બધી માયાજાળ હતી."



બ્રધર લોરેન્સ

# ઈશ્વર સાન્નિધ્યની સાધના

યશસ્વીભાઇ વ. મહેતા

## પત્રપરિસંવાદ–૯

પૂજ્ય માતાજી,

...ની પાસેથી મને પત્ર મળ્યો તેનો જવાબ આ સાથે બીડયો છે. કૃપા કરીને આપ તેને તે પહોંચાડી દેશો. તે બહેન શુભેચ્છાઓથી પરિપૂર્ણ છે. પરંતુ તેઓ કૃપામર્યાદાની રેખા વટાવી ગયાં છે. કોઇ પણ મનુષ્ય એકદમ–તત્કાલ પવિત્ર બની શકે નહીં. હું તેને તમારે ભળાવું છું. આપણે આ રીતે એકબીજાને વિચાર વિનિમય, માહિતી, માર્ગદર્શનદ્વારા ટેકો આપ્યા કરવો જોઈએ. વધુ તો આપણા પોતાના જ સદાચાર, સદ્‌વર્તનદ્વારા તેમ કરવું અસરકારક હોય છે. વખતોવખત તમે કૃપા કરીને મને તેની વિષે ભાળ આપતાં રહેશો. તેનો ઉત્સાહ, વ્યાકુળતા અને સાધન અભ્યાસમાં તેની એકાગ્રતા વિષે જાણવું મને ગમશે.

આપણે હરરોજ, હરઘડીએ વિચારવું જરૂરી છે કે આ જીવનમાં આપણું એક માત્ર લક્ષ્ય, એક માત્ર કામ ઈશ્વરને પ્રેમ કરવાનું છે, તેને આપણા હાર્દિક ભક્તિભાવદ્વારા તેને પ્રસન્ન કરવાનું છે, તે સિવાયનું બીજું બધું–વિચાર, વાણી કે વ્યવહાર નિરર્થક છે, મૂર્ખાઇ છે અને મિથ્યાભિમાન છે. આપણે બન્નેએ સન્યાસ માર્ગમાં ચાલીશ કરતાં વધુ વરસો વિતાવ્યાં છે. શું આપણે એવો દાવો કરી શકીશું કે જે ઈશ્વરે પોતાની કૃપા આપણી

ઉપર વરસાવીને આપણને આ માટે સાધન સગવડની અનુકૂળતા કરી આપી છે? તેને પ્રેમ કરવામાં, માત્ર તેની જ પ્રસન્નતા ખ્યાલમાં રાખી જીવનની પ્રત્યેક પળ વિતાવી છે? આ પ્રશ્ન મારી જાતને પૂછું છું ત્યારે શરમ અને મનોવ્યથાથી મારું શિર ઝૂકી જાય છે. એક બાજુ તેની મહાન–કૃપાઓથી ભરેલાં વરદાનોની હારમાળા જોઉં છું, જે તેણે માગ્યા વિના સતત મને આપ્યા જ કર્યાં છે અને બીજી બાજુ મેં તે બધાનો, મારી પોતાની પૂર્ણશુદ્ધિ માટે કરવામાં કેવો ગેરઉપયોગ કર્યો છે, તેને બદલે કેટલી બધી બેદરકારી દાખવી છે.

તે કૃપાસિંધુએ પોતાની ઉદારતાથી જ્યારે આપણને થોડો વધુ સમય, થોડી વધુ લાંબી જીંદગી આપી છે ત્યારે આપણું એક માત્ર કામ ગુમાવેલા સમય ઉપર આંસુ પાડવાને બદલે, પુનઃ કમર કસીને બાકીનું આયુષ્ય–તેની એકેએક પળ, તે દયાના સાગર આપણા પરમ પિતાને આપણી સચ્ચાઈની ખાત્રી કરી આપવામાં જ વાપરવી જોઈએ. તેના પ્રેમના અખૂટ ભંડારમાંથી તે આપણને અમૃતરસ પાવા માટે સદા તત્પર છે.

આપણે ત્યાગ કરીએ, વધુ ને વધુ ત્યાગ કરતા જઈએ કે જે પૂર્ણતયા આપણો પ્રિયતમ નથી, તેના સિવાય આ સંસારમાં બીજું કાંઈ વધુ મોહક અને પૂર્ણત્વનું વધુ પોષક નથી. આપણે તેનું અસ્ખલિત સ્મરણ–મનન કરતા રહીએ. તેનામાં પૂર્ણ વિશ્વાસ રાખીએ. મને કોઈ સંશય નથી. આપણને બહુ ટૂંકા ગાળામાં જ આપણી પ્રાર્થનાનો જવાબ મળશે. આપણને ખ્યાલ પણ ન આવે તે રીતે તેની કૃપા મળશે. જે થકી આપણે આ દુનિયામાં બધું જ કરી શકીએ અને જેના વિના આપણે દુરાચાર વિના કશું જ કરી શકીએ નહીં.



આ જીવન જોખમોથી ભરપૂર છે. જો આપણા સ્વામીની કૃપા ન હોય તો ડગલે ને પગલે આપણે ન કરવાનું કરીને અને કરવાનું હોય તે ન કરીને ઠોકરો ખાધા કરીએ છીએ. માટે તેની કૃપા માટે આપણે સતત પ્રાર્થના કરતા રહીએ. તેને આપણી સન્મુખ, આપણા અંતરમાં રાખ્યા વિના આ આપણે કેવી રીતે કરી શકીએ? તેનું આ સાન્નિધ્ય, તેનું સતત ચિંતન–મનન–જપ–ધ્યાન વિના કેવી રીતે આપણને મળી શકે? અને આનો સતત અભ્યાસ વિના તે આપણા માનસિક બંધારણનો એક ભાગ કેવી રીતે બની શકે? કદાચ તમને એમ લાગશે કે હું તમને એકની એક વાત જ કર્યા કરું છું : તે સાચું છે એનો હું સ્વીકાર કરી લઉં છું. કારણ–આ એક જ બાબત હું જાણું છું કે તે સહેલામાં સહેલી રીત છે. હું પોતે તેના સિવાય બીજું કાંઈ કરતો નથી એટલે આખી દુનિયાને તેમ કરવાની ભલામણ કરું છું. આપણે તેને જ પ્રેમ કરી શકીએ કે જેને આપણે જાણતા હોઈએ. આ માટે તેનું સતત મનન ચિંતન જરૂરી છે. તેની સાથે પ્રેમ થયા બાદ આપણે સહેલાઈથી તેનો વિચાર કર્યા જ કરીશું, કારણ આપણું હૃદય ત્યાં જ હોય છે કે જ્યાં આપણો ખજાનો પડયો છે. મારું આ વિધાન તમે પોતે તમારા અનુભવવડે ચકાસી જોશો તેવી મારી નમ્ર વિજ્ઞપ્તિ છે. હું છું સદા મારા પ્રિયતમ પ્રભુની કૃપાનો અભિલાષી.

(ક્રમશઃ)

## * કેમ કરીને? *

કેમ કરીને ભૂલું ક્ષણ પણ
હે જીવન–સ્વામી!
મોંઘો માનવ–જન્મ દીધો તેં
થાઉં નિમક હરામી? કેમ કરીને૦
ઉત્ક્રાન્તિના ક્રમમાં શા શા
રંગ, જીવણજી! માણ્યા,
મોક્ષાર્થી આ માનવ–મનખો
અક્ષર આતમ જાણ્યા;
કેટકેટલા સંસ્કારોના
પુટ ચઢયા ચાદર પર;
તાણા–વાણા સબલ, સલામત
ચરણ ધરું મુરલીધર કેમ કરીને૦
મન–વૃંદાવન, કુંજગલન ઊર
પ્રેમ–યમુના વ્હેતી,
ગોપી–જન વલ્લભભક્તિ શું
રાધા–ગોપી હલંતી;
આ તો સરાઇ શું ચંદ ડેરા,
રજની વિત્યે કૂચ કરવાની,
અસલી ઘર મંઝિલ દૃષ્ટિ–પથ
સવળી વાત જ સરવાની કેમ કરીને૦
મોંઘો માનવજન્મ દીધો ત્હેં
થાઉં નિમક હરામી?
કેમ કરીને ભૂલું ક્ષણ પણ
હે જીવન સ્વામી? કેમ કરીને૦

— ડો. રણજિત પટેલ (અનામી)



## * આનંદ છે *

(ગાન)

જિંદગીની આ સફર તો કાપવી મુશ્કેલ છે,
મિત્રો મળે બે ચાર તો–આનંદ છે, આનંદ છે.

સંસ્કૃતિની વાત શી? પ્રકૃતિની પાસ જા,
વહેલી સવારે ઘૂમ તો–આનંદ છે, આનંદ છે.

જિંદગીના કોયડા અટપટા તો હોય છે,
વિભુશરણ લઇ લે તહીં–આનંદ છે, આનંદ છે.

ચાવી સફળતા તણી છે–તંત ના કરતો જરી,
ખંતથી હરિનામ લે–આનંદ છે, આનંદ છે.

શાંતિતણી કંઇ શોધમાં ના મારતો ફાંફા ક્યહીં,
સંતચરણે જા તહીં આનંદ છે, આનંદ છે.

શીદ નિહાળે બહાર તું, ગ્લાનિ અને નિર્વેદ છે?
અંદર નિહાળી લે જરા–આનંદ છે, આનંદ છે.

— ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૬૬૮૨૩૧

# માનવનું તેજ

પંન્યાસ રત્નસુંદર વિજય ગણિ

'ચાહ ગઈ ચિંતા મિટી, મનવા બેપરવાહ,
જિનકો કછુ ન ચાહિએ સો હી શહેનશાહ.'

પ્રચંડ આગ ઓકતાં કિરણો એ જો સૂર્યનું તેજ છે તો સૌમ્યતા રેલાવતી ચાંદની એ ચંદ્રનું તેજ છે. અભિમાન એ જો શ્રીમંતાઈનું તેજ (?) છે તો સુવાસ એ પુષ્પનું તેજ છે. સૌંદર્ય એ જો બગીચાનું તેજ છે તો નિરપેક્ષતા અને તૃપ્ત મનોદશા એ માનવનું તેજ છે.

શરીર વળગ્યું છે આપણને એટલે શરીર સંબંધી કેટલીક ચીજો વિના આપણને ચાલવાનું નથી એ નિશ્ચિત વાત છે. ભોજન, પાણી, આવાસ આ બધીય શરીરની જરૂરિયાતો છે. જ્યારે એ શરીરમાં આત્મા પ્રતિષ્ઠિત થયેલો છે એટલે આત્મા સંબંધી કેટલાંક તત્ત્વો વિના ય આપણને ચાલવાનું નથી એ પણ એટલી જ નિશ્ચિત વાત છે. પ્રેમ, કરુણા, આનંદ, વાત્સલ્ય આ બધાં તત્ત્વો આત્માની જરૂરિયાતો છે, પણ જીવનમાં જે તકલીફ અને ત્રાસ છે એ મનનો છે. આમ જોવા જાઓ તો એની કોઈ જ જરૂરિયાત નથી. રોટલી વિનાય એ જીવી શકે છે તો વાત્સલ્ય વિનાય એને ચાલે છે. પાણી વિનાય એ ટકી જાય છે તો પ્રેમ વિનાય એને જીવવામાં કોઈ જ વાંધો નથી. મકાન વિનાય એ રહી શકે છે તો કરુણાની ય એને કાંઈ જ પડી નથી અને છતાં એની અપેક્ષાઓનો અને અતૃપ્તિનો કોઈ પાર નથી.



શરીર તો લૂખી રોટલીય સ્વીકારવા તૈયાર છે પણ એના પર જ્યાંસુધી ગરમાગરમ ઘી ન ચોપડાય ત્યાંસુધી મન બેચેન છે. વાત્સલ્ય આપીને કોઈને, આત્મા તો સંતુષ્ટ થઈ જ જાય છે પણ એ વાત્સલ્યનું સામા તરફથી કોઈ વળતર ન મળે તો મન સતત બેચેન રહ્યા જ કરે છે. તૃષા છિપાવવા શરીર તો માત્ર પાણી જ માગે છે, પણ ફ્રિજનું પાણી એ મનની માંગ છે. કરુણા કરીને આત્મા તો ખુશ થવા તૈયાર જ છે પણ બદલાની અપેક્ષા વિના મન શાંત થવા તૈયાર નથી.

ટૂંકમાં શરીર અને આત્મા એ બંનેને પોતપોતાની જરૂરિયાતો પૂરતું મળી જાય તોય એમાં જાતજાતની આકાંક્ષાઓ, અપેક્ષાઓ રાખી રાખીને મન જીવનની સ્વસ્થતાને માત્ર સ્વપ્નનો વિષય જ બનાવી રાખે છે. એટલે એક બાજુ અપેક્ષાઓ રખાવીને મન જીવનને અસ્તવ્યસ્ત બનાવે રાખે છે તો બીજી બાજુ જે પણ મળે છે તે ઓછું જ છે એમ સમજાવીને મન અતૃપ્તિના પાપે ક્યાંય પ્રસન્નતા પ્રાપ્ત થવા દેતું નથી. 'માત્ર દશ લાખે શું થાય? વીસ લાખ તો જોઈએ જ! માત્ર ચાર રૂમના ફ્લેટથી શું થાય? મજેનો એક બંગલો જોઈએ! સો માણસ વચ્ચે તારું સન્માન થયું એમાં શું? કામ તો તારું એવું હતું કે હજાર માણસ વચ્ચે સન્માન થાય તોય ઓછું હતું! પહેલે નંબર પાસ થયો એમાં શું? માર્ક્સ ૯૫ ટકા આવવા જોઈતા હતા.'

બસ, સતત અતૃપ્તિની આગમાં શેકાયા કરતું આ મન ક્યાંય શાંતિનો અનુભવ કરવા દેતું નથી. આત્માને ક્યાંય ઠરીઠામ બેસવા દેતું નથી. જે પણ મળ્યું છે એનો સ્વસ્થતાપૂર્વક ઉપયોગ કરવા દેતું નથી.

અપેક્ષા અને અતૃપ્તિ આ બેના ત્રાસે બેકાર બની ગયેલા માનવના જીવનને જોઇને જ ગુરુદેવે અહીંયા આ વાત કરી છે કે સાચા અર્થમાં મસ્ત રહેવું છે? તો નિરપેક્ષ બનતા જાઓ જગતથી. 'આ હોય તો જ હું સુખી અને આ ન હોય તો હું દુ:ખી' આવી લાચારીમાંથી જાતને બહાર કાઢતા જાઓ અને બીજી બાજુ'આટલું મળે તો જ હું સુખી અને એટલું ન મળે તો હું દુ:ખી' આ અતૃપ્તિમાંથી ય જાતને બહાર કાઢતા જાઓ.

જુઓ, પછી શો ચમત્કાર સર્જાય છે? આંખમાં પેદા થતું તેજ બહુ બહુ તો છેક દૂર સુધીનું બતાવશે પણ એનાથી મન પ્રસન્ન જ બનશે એવો કોઇ કાયદો નથી, પણ નિરપેક્ષતા અને તૃપ્તિનું તેજ જીવનમાં આવતાં જ જે પ્રસન્નતા અનુભવાશે એ તમારી કલ્પના બહારની વાત હશે.

'ઘણું મળે તે સુખી નથી પણ ઘણા બધા વિના ચલાવી શકે તે સુખી છે.' આ વિચારણા છે નિરપેક્ષતાને લાવનારી અને 'મારી પાસે ઘણું છે એમ નહીં પણ જે છે તે ઘણું છે' આ વિચારણા તૃપ્તિને લાવનારી છે.

અપેક્ષા અને અતૃપ્તિના ભવો તો અનંતકાળમાં અનંતા વિતાવ્યા. પરલોક તો બગડયો જ છે પણ આ લોક પણ ત્રાસ-દાયક નીવડયો છે. હવે આ લોકને જો મસ્ત બનાવવો હોય અને પરલોકને સદ્ધર બનાવવો હોય તો કરી દો એ બંને વૃત્તિઓનું શીર્ષાસન! નિરપેક્ષતા અને તૃપ્તિ! બેડોપાર છે.



અંબાજીના નવરાત્રિ જપયજ્ઞમાં પીરસવામાં આવેલી

# પ્રેરણાત્મક વાતો–(૨)

સંકલન : હરિભાઇ ભોજાણી

(ગતાંકથી આગળ)

બીજું જપયજ્ઞની સફળતા અંગે બોલતાં પૂ. બાપજીએ કહેલ કે જપયજ્ઞ સફળ સાધન છે, કારણ કે દૃઢ સંકલ્પ કોનો છે? આપણે સફળ થઇશું જ કારણ કે આપણી પાછળ પૂ. 'મા' છે.

છેલ્લે છેલ્લે પૂ. બાપજીએ પોતાના પૂ. પિતાજીની અંતિમ માંદગી વખતનો પ્રેરક પ્રસંગ ટાંકતા કહ્યું કે, મારા પિતાજીની માંદગી ગંભીર બની હતી. છેલ્લા દિવસો ગણાતા હતા. પોતે બિમારીથી પીડાતા હતા તેથી મને કહ્યું કે હું હવે બચવાનો નથી. તો તમે હવે તમારા ભગવાનને પૂછી જુઓ કે, "મારું મૃત્યુ ક્યારે છે?" મેં તો હસી કાઢયું. તો તેમણે કહ્યું કે પૂછી જો તારું શું બગડે છે? મેં કહ્યું, "પૂછી જોઇશ." બીજે દિવસે ફરી મને કહ્યું, પૂછ્યું? મને શરમ થઇ. મેં કહ્યું, હું તો જપ કરું છું. મારી કોઇ શક્તિ નથી. છતાં પણ તેમણે આગ્રહ કર્યો કે જો તેમાં તમારી થોડીક શક્તિ વપરાઇ જાય તો વધુ ભક્તિ કરજો.

મેં રાત્રે પ્રાર્થના કરી કે, હે મા–પ્રભુ મારે તમારા વિના બીજો કોઇ જ આધાર નથી, તો તમે એ વ્યક્તિને સંતોષ થાય તે રીતે કાંઇક કરો.

એ રાત્રે મને સ્વપ્નદર્શન થયું. પ્રભુ ઊભા છે અને બ્રાહ્મણ ઘર છોડીને ભાગી જાય છે તેવું દૃશ્ય જોયું. તેથી મને સ્પષ્ટ સંકેત મળી ગયો કે હવે આ બ્રાહ્મણ રહેશે નહિ. સ્વર્ગવાસી થઇ જશે જ.

સવારે ધ્યાનમાં બેઠો ત્યારે પણ આત્મસ્ફૂરણા થઇ કે આજે સાંજ પહેલાં પિતાજીનો સ્વર્ગવાસ થઇ જશે.

સવારમાં પિતાજીને મળતાં જ પ્રથમ જ પ્રશ્ન પૂછ્યો કે તમારા ભગવાનને પૂછ્યું ? મેં આનંદથી કહ્યું કે હા. પૂછ્યું. પ્રભુ કહે છે કે, "ઘડી ઘટે છે." જેટલું પણ સ્મરણ કરવું હોય તેટલું કરતા જાઓ. અને ખરે જ તેમણે બધા જ સગાંઓને કહી દીધું કે હવે સંસારની વાતો બિલકુલ બંધ કરો. પૂ. બાપજી ધૂન બોલાવે છે તે બધા જ ઝીલજો, બધા જ ગાજો.

મોટાભાઇ રેવાશંકર આવતાં જ મેં તેને કહ્યું કે હવે અંતિમ યાત્રાનો બધો જ સામાન લઇ આવો, બધી જ તૈયારી શરૂ કરી દો. તો તેઓ કહે કે લોકો શું કહેશે? જીવતા બાપને માટે અંતિમ વિધિનો સામાન લઇ આવ્યા? તો તેઓ કહે કે, 'ભલે' એમ કહી-ને તેઓ તો ધંધે જતા રહ્યા. તેમને મનમાં એમ કે આ નહિ મરે, આ તો ટી. બી.ના દર્દી છે. હું પાછો ધૂન બોલાવતો રહ્યો. વચ્ચે વચ્ચે પૂછતો ગયો કે સંભળાય છે? પણ પછી ધીમે ધીમે સાંભ-ળતા બંધ થઇ ગયા. મને કહે કે આવ્યા? મેં કહ્યું કે કોણ આવ્યા?

તેઓને પણ પોતાના ગુરુમાં અડગ શ્રદ્ધા હતી. તેથી જ તેઓ (મારા પિતાજી) કહેતા કે વેદ ખોટા હોઇ શકે પણ મારા ગુરુ કદીપણ ખોટા હોઇ જ ના શકે, આખી રાત તેઓ ગુરુમંત્ર-નો જાપ કર્યા કરે. જો કે તેમના ગુરુ તો મુંબઇમાં રહેતા હતા.

તો આપણા સદ્‌ગુરુદેવ તો સમર્થ છે. તો તેમાં જ શ્રદ્ધા રાખો અને જે ધ્યેય હોય તે પાર પડશે જ. નિર્વિકલ્પ સમાધિનું ધ્યેય હશે તો તે પણ પાર પડશે જ, કારણ કે પૂ. મા–પ્રભુ સમર્થ છે. પૂ. માએ હરિદ્વારમાં ડો. સૂરતીયાને કહેલ કે, "તારા



દવાખાનાની ચાવી મને આપી દે, હું તને નિર્વિકલ્પ સમાધિ અપાવી દઉં." તો ના આપી, ચાવી ના જ આપી. કારણ કે કર્મના અંતરાયો નડે છે ને? માટે જીવનની વિશુદ્ધિ ખૂબ જ જરૂરી છે તે વિના આ અંતરાયો નહિ જ છેદાય.

ટૂંકમાં આપણે સર્વસમર્પણ પણ કરી શકતા નથી. અરે હું પણ નથી કરી શકતો. હું તો કહું કે મારે તો સમાધિમગ્ન જ બનવું છે. પૂ. મા આ બધું જ જાણે છે. પણ આપણા અંતરાયો આપણને નડે છે, સંકલ્પો નડે છે. જો તમને આવી સર્વસમર્પણ-ની તક મળી જાય તો જરૂર તૈયાર થઇ જજો.

અમારા રેવાશંકરભાઇ આ બાબતમાં એક વખત પૂ. માની લોકઅદાલતમાં કહેતા હતા. "પૂ. મા કહે તો કેટલા લોકો છોડી દે?" તો રેવાશંકરભાઇ કહે કે, "પૂ. મા કહે તો ખરાં?" "હું જોઉં", તો મને તે વખતે બહુ જ આનંદ થયો કે કેટલી બધી તૈયારી છે? આપણે પણ ધીમે ધીમે આવી તૈયારી કેળવવી જોઇએ.

અંતમાં પૂ. બાપજીએ એ કૃપાની થોડીક પંક્તિઓ ગાઇઃ–

તમારી કૃપા કદી ના ખૂટે, એ તો અનંત ધારે છૂટે.
તમારી કૃપા કદી ના ખૂટે.
મેઘ ગગનથી અને અન્નથી, તે જ સૂરજથી ખૂટે
જળ સૂકાઇ જાય સકળ સૃષ્ટિનું, કૃપાતાર ના તૂટે,
તમારી કૃપા કદી ના ખૂટે.

સદ્‌ગુરુની, પરમાત્માની કૃપા કદી જ ખૂટતી નથી એ શબ્દો-માં વિશ્વાસ રાખીને, શ્રદ્ધા રાખીને આજની વાત પૂર્ણ કરી. ૐ શાંતિઃ

ત્યાર બાદ પૂ. શ્રીનું પ્રિય એવું ખીચડીનું ભોજન સહુએ

સાંજે સાત વાગ્યે લીધું. થોડા જ વિશ્રામ બાદ ફરીથી અમે ૮–૦૦ વાગે સહુ સ્વર્ગારોહણતીર્થની આસપાસમાં એકત્ર થયાં જેમાં કપૂરાનાં બહેનોએ અને સૂરતના ચીમનભાઈએ એક એક ગરબો ગવડાવ્યો. પછી રાજકોટના શ્રી મોહનભાઈની પ્રેરક વાતો સહુ સાધકોને સાંભળવા મળી. તેમનું વક્તવ્ય સાધક ભાઈબહેનો-ના ઉત્સાહ, શ્રદ્ધા અને વિશ્વાસને વધારનારું હતું.

૧૯૯૫ ના ૨૮ નવેમ્બરે રાજકોટમાં 'સર્વેશ્વરીતીર્થ'નો પ્રથમ પાટોત્સવ મહોત્સવ હતો. તે વખતે પૂ. માએ મને દર્શન આપીને કહેલ કે "આ પાટોત્સવમાં બાપજીને મેં જ મોકલેલ છે. તે મારા જ ઈન્ચાર્જ છે. જો કે પૂ. બાપજીએ પણ તે વખતના રાજકોટના પોતાના વક્તવ્યમાં સ્પષ્ટ કહેલ કે "મને આદેશ મળવાથી જ હું આવેલ છું."

વળી એપ્રિલ ૯૬ માં હું તા. ૨૭–૪–૯૬ થી ૩૦–૪–૯૬ સુધી ચાર દિવસ માટે અંબાજી મુકામે એકાંત મૌન માટે હેડા-ખાનના આશ્રમમાં બેઠો હતો તે વખતે તા. ૨૯–૪–૯૬ રોજ બપોરના બે વાગ્યે મને પૂ. માનો આદેશ મલ્યો કે "તમારે રાજકોટ જવાનું છે" હું તો વિચારમાં પડી ગયો કે મારે તો ચાર દિવસ એકાંત ને મૌન છે. તો વળી ફરીથી સાંજે પાંચ વાગ્યે ત્રણ કલાક પછી જ પ્રભુએ મને દર્શન આપીને કહ્યું કે, "તમારો સંકલ્પ અધૂરો રહ્યો."–હું તો વિચારમાં પડી ગયો કે ચાર દિવસ-નો સંકલ્પ અધૂરો રહેશે કે શું?

ખરેખર સાંજે ૬–૦૦ વાગ્યે મારું ધ્યાન પૂરું થયું ત્યારે મૌન રૂમના બારણાનું તાળું ખોલીને માણસે કહ્યું કે "સ્વર્ગારોહણ-માંથી તમારો ફોન હતો"–તમારા માતાજીનું શરીર શાંત થઈ ગયું



છે. આવતી કાલે રાજકોટમાં સવારે ૭–૦૦ વાગે તેમની સ્મશાન-યાત્રા છે, તમારે જવાનું છે."

હું મારો એકાંત મૌનનો કાર્યક્રમ–સંકલ્પ અધૂરો મૂકીને તે જ સાંજે સ્વર્ગારોહણ તીર્થ ગયો અને રાત્રે જ રાજકોટ જવા માટે ઉપડી ગયો. સવારે રાજકોટ પહોંચીને વિધિમાં હાજરી આપી. આમ મારો ચાર દિવસનો એકાંત મૌનનો સંકલ્પ અધૂરો જ રહી ગયો. ઘેર પહોંચીને બધી જ ક્રિયાઓ પૂર્ણ થતાં બપોરબાદ મેં ભાઈઓને પૂછ્યું કે, "ગઈકાલે બપોરના બે વાગ્યે તમે સૌ શું કરતા હતા? તો અમારા કુટુંબીઓએ જવાબ આપ્યો કે કાલે બપોરે અમે સહુએ મળીને નક્કી કર્યું કે "માતાજીનું શરીર હવે છેલ્લી ઘડીઓ ગણે છે. તો અંબાજીથી મોહનભાઈને તેડાવી લઈએ." તો પૂ. માએ મને ગઈકાલે બપોરના બે વાગ્યે જ આદેશ આપેલ "તમારે રાજકોટ જવાનું છે." વળી સાંજે પાંચ વાગ્યે મારા માતાજીનું શરીર શાંત થઈ ગયું, એ જ વખતે પૂ. શ્રીએ આદેશ આપીને કહ્યું કે "તમારો સંકલ્પ અધૂરો રહી ગયો."

અંતમાં પોતે હમણાં જ ત્રણ માસ આદેશ મુજબ પૂ. શ્રીની તપોભૂમિ દેવપ્રયાગમાં સાધના કરી આવ્યા તે કુટિયાની ભયા-નકતાની તથા બીજી પ્રેરક વાતો કહી સંભળાવી, જે શ્રદ્ધાભક્તિમાં વૃદ્ધિ કરનારી હતી. પૂ. શ્રી માપ્રભુના પતિતપાવન શ્રીચરણોમાં વંદના કરીને શ્રીમોહનભાઈએ તેમનું આજનું વક્તવ્ય પૂર્ણ કર્યું.

રાત્રે ૯-૦૦ વાગ્યે આ જપયજ્ઞના મુખ્ય સંચાલક શ્રી અજયભાઈ કલોલાએ ખૂબ જ જહેમત બાદ સહુ ભક્તોને પૂ. માના વીડીયોદ્વારા દર્શન કરાવ્યાં, સત્સંગ કરાવ્યો. જેમાં મોરબી અને હરિદ્વારની કેસેટો બતાવી. ૧૮–૫–૯૨ ની હરિદ્વારની

કેસેટમાં સહુ પ્રથમ વડોદરાના ગાયત્રીબેનનો પૂ. ગંગામૈયાની ચિન્મયતાનો અને પૂ. માની જગદંબા શક્તિનો પરિચય આપતો પ્રશ્નોની વીંટીવાળો પ્રસંગ સહુ ભક્તોને કહી સંભળાવ્યો જે ફરી ફરી સાંભળવા છતાં સહુ સાધકભાઈ બહેનોને પ્રેરણાપ્રદ રહેલ હતો. બાદમાં અધ્યાત્મના તંત્રી એવા ભાવનગરના પૂ. શ્રી નારણભાઈ જાની સાહેબે કહ્યું કે, "આ રીતે પૂ. મા સૌ યુવાનોને નવી પેઢીને આધ્યાત્મિક સંસ્કારો આપી રહ્યાં છે તે ઘણી જ મોટી વાત છે. અને વળી આવો આનંદ, પ્રમોદ, વિનોદ સ્વર્ગમાં પણ ન મળે. પૂ. મા બોલાવે કે "નારાયણદાસ હરજીવન જાની આવો, ગાયત્રી દેવી આવો, નિર્વિકલ્પ આવો"–આ પ્રકારનો વિનોદ સ્વર્ગમાં પણ જોવા ન જ મળે. હે મા, આ જન્મમાં નહિ પણ જન્માંતરમાં પણ અમને સાથે જ રાખજો. અને આવો ને આવો વિનોદ આપજો. પૂ. માએ કોણ જાણે શું કર્યું તે અહિ આવીને મારાં પત્નીની તબિયત ઘણી નરવી થઈ. મને કાંઈ જ ખબર ના પડી–તો આના જવાબમાં પૂ. મા કહે કે એ વાત તો સરસ્વતી અને હું બે જ જાણીએ છીએ. કેમ સરસ્વતી! બરાબર ને? તો આવો અકલ્પ્ય છે પૂ. માનો ભાવ. આ ભાવ કાયમી રહે. અમને લોકોને સફેદવાળવાળાને પૂ. મા છેલ્લી હરોળમાં ન મોકલી આપે એવી પ્રાર્થના. વળી પૂ. મા–પ્રભુમાં ભક્તોને પોતાની શ્રદ્ધા અખંડિત રાખવા જણાવ્યું.



# હે માનવ, તું તારી જાતને ઓળખ

સંકલન : ડો. આર. જે. શાહ

હે મનવા તું તારી જાતને ઓળખ,
આત્મસ્વરૂપને ઓળખ, એ જ તારો ઉદ્ધાર.
સૂરદાસ

એકવાર રામકૃષ્ણ પરમહંસ(સ્વામી વિવેકાનંદના ગુરુ)પાસે એક શ્રીમંત આવ્યા. એમણે કહ્યું, "ઠાકુર મેં સાંભળ્યું છે કે કાલિમાતા આપને હાજરાહજુર છે અને અવારનવાર આપને મળવા આવે છે, તે વાત સાચી છે?"

"બિલકુલ સાચી."

"અને માતા સાથે આપ વાતચીત પણ કરો છો."

"હા, જેમ તમે મારી સાથે વાતચીત કરો છો, તેમ."

"માતાજી ક્યારે આવે છે?"

"નક્કી નહીં. એ તો સ્વતંત્ર શક્તિ છે. પણ મહિનામાં એક–બે વાર જરૂર પધારે છે."

"તો આ વખતે માતાજી પધારે, ત્યારે મારે ત્યાં મોકલજોને! મારા વતી આપ આટલી ભલામણ જરૂર કરજો." શ્રીમંતે કહ્યું.

"જરૂર ભલામણ કરીશ, ભાઈ આવવું ન આવવું એ એમની મરજી.–તમે તમારું સરનામું આપતા જાઓ. શ્રીમંતે પોતાના નામ–સરનામાનું કાર્ડ આપતાં કહ્યું, "આ મારા બંગલાનું પૂરું નામ છે. ત્યાં આવવા કહેજો."

"ભાઈ મારે તમારા બંગલાનું નહીં, તમારું સરનામું જોઈએ. જો તમારું પૂરું–પાકું સરનામું આપો, તો માતાજી આવી શકે ને?"

શ્રીમંત મૂંઝાયો. પછી તેણે ખિસ્સામાંથી બીજું કાર્ડ કાઢીને આપતાં કહ્યું, "આ મારી ઓફિસનું પૂરું સરનામું છે. બહુ જાણીતી પેઢી છે. શહેરમાં સૌ કોઈ જાણે છે, ત્યાં પહોંચવામાં કોઈ તકલીફ નહીં પડે."

"તમારી ઓફિસનું નહીં. મેં તમારું સરનામું માંગ્યું છે. એ આપો.

"મારું સરનામું? તો મારું સરનામું એટલે શું?

"ભાઈ, જ્યાં તને તારા સરનામાની જ ખબર નથી, તો પછી તારે ત્યાં માતાજી આવશે ક્યાંથી? પહેલાં તું તારું સરનામું તો શોધી કાઢ, પછી માતાજીને, નોંતરજે." રામકૃષ્ણદેવે હસતાં હસતાં ટકોર કરી.

પેલા શ્રીમંતનો અહંકાર ઓગળી ગયો. એને એના અજ્ઞાનનું ભાન થઈ ગયું. એ પોતાના સરનામાની શોધમાં લાગી ગયો. પોતાના ભીતરની ખોજમાં.


અંબાજીમાં ક્યાં ઉતરશો?

"સ્વર્ગારોહણ"

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫ ૧૧૦

એસ. ટી. ડી. ૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯




એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત

# શ્રી ઈંદિરાદેવી


મૂળ લેખક : દિલીપકુમાર રોય

સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ


## પારલૌકિક દર્શન

માધ્યમોએ જોયેલી ભૂતપ્રેતની દુનિયાઓ વિષે ઘણાં પુસ્તકો લખાયાં છે. ઈંદિરાએ એ દુનિયાઓ ઉપરાંત સત્ય કે સંવાદ કે સૌંદર્યનું જ્યાં આધિપત્ય છે એવી પણ બીજી ઘણી દુનિયાઓ જોઈ છે. (ઈંદિરાદેવીને) બાલ્યકાળથી જ મા આનંદમયી, મા શારદાદેવી જેવી દૈવી અનુભૂતિઓ થતી. તેના જીવનમાં પણ બાલ્યકાળથી જ ઘણી વિશિષ્ટતાઓ હતી.)

એક રાતે એણે જોયું તો જેવો એનો આત્મા શરીરમાંથી બહાર નીકળ્યો કે તરત ચેતનાના વિવિધ થરોમાંથી પસાર થઈ એ તીરની પેઠે છૂટયો. એક વિશાળ શંકુના તળિયેથી જાણે એ છૂટતી હોય એવું લાગતું હતું. જ્યારે એ ટોચ પર પહોંચી ત્યારે એનું સ્વતંત્ર વ્યક્તિત્વ એ ગુમાવી બેઠી હતી, અને આનંદપૂર્ણ ચેતના રૂપે રૂપાંતર પામી હતી. એક અને અદ્વિતીય! એણે જોયું તો એ સત્યલોકમાં હતી. જ્યાં કેવળ પ્રકાશ હતો. છાયા નામે નહોતી. ત્યાં વાતચીતનું માધ્યમ શબ્દો નહિ, આંદોલન હતું. આ લોકના જીવાત્માઓ મનુષ્યની અને ઈશ્વરની સેવામાં પૃથ્વી પર પોતાનાં કિરણો મોકલી શકતા હતા. કાળ અને સ્થળથી પરની એ દુનિયા હતી.

(આ પ્રસંગ ઉપરથી અને આવા અનેક પ્રસંગો પરથી એ સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રોમાં જે અવકાશની અંદર રહેલા જુદા જુદા લોકો જેવાં કે સત્યલોક, બ્રહ્મલોક એવા લોકોની વાતો આવે છે તે કેવળ કોઇ ટાઢા પહોરનાં ગપ્પાં કે કેવળ કલ્પના માત્ર નથી. 'અધ્યાત્મ'નું જગત તે એક અલૌકિક જગત છે. જે જીવો અનેક જાતના જપ, તપ વગેરે કરી ખૂબ જ ઊંચી કક્ષાએ પહોંચેલ હોય તેને જ આવા દૈવી અનુભવો થાય છે. અને તેમનાં જીવન-વૃત્તાંત વાંચવાથી આપણને તેનું જ્ઞાન થાય છે. આ બધી વાતો બૌદ્ધિક સ્તરથી પર છે. કોઇ પણ વાત માનવી કે ન માનવી તે માટે દરેક વ્યક્તિ સ્વતંત્ર છે, તેથી આવાં પ્રસંગોની ચર્ચા સામા પાત્રમાં 'અધ્યાત્મવાદ'માં રસવૃત્તિ હોય તો જ કરવી. કોઇ મૂઢ વ્યક્તિઓ સાથે આવી જાતની ચર્ચામાં કદી ઉતરવું ન જોઇએ. કબીર સાહેબને સદા યાદ રાખવા. 'કહત કબીર સુનો ભાઇ સાધુ' આવી પંક્તિ કબીરસાહેબના મોટાભાગના ભજનોમાં અંતમાં આવે છે. આથી એટલું સમજાય છે કે કબીર સાહેબ કેવળ જેને પ્રભુ-પરાયણ માર્ગમાં રસ હોય તેને જ ઉપદેશ આપતા.)

પછી તે (ઇંદિરા) એવી દુનિયામાં પ્રવેશી, જ્યાં વૃક્ષો, પથ્થરો, જળધોધો, ફૂલો અને માટી સુદ્ધાં બધું જીવંત હતું. જીવનથી ધબકતું હતું! (કોઇ ગ્રહની સજીવ દુનિયા જેવું લાગે છે).

તે પછી તે સંવાદ અને સૌન્દર્યની દુનિયામાં પ્રવેશી. અહીં કંઇ પણ અસુંદર કે વિસંવાદી નહોતું; માટીનું ઢેફું પણ સુંદર હતું!

અને પછી આવી સંગીતની દુનિયા! રૂપાળા આત્માઓ ત્યાં સંગીતમાં વાત કરતા અને સંગીતમાં મહાલતા હતા. હવા



સંગીતથી પરિપૂર્ણ હતી. પશુપંખીઓ, વૃક્ષો અને દીવાલો બધું જ વિવિધ લયમાં સંગીત માણતું હતું. ક્યાંય જરા સરખો વિસંવાદી સૂર નહોતો. બધે બસ સંગીત, સંગીત અને સંગીત હતું!

ઇંદિરાને લાગ્યું કે સત્યની દુનિયામાંથી કિરણો મનુષ્યની દુનિયામાં મોકલી શકાય છે, છતાં આ બધી દુનિયાઓ કર્મના પાશથી પર હતી. થોડીવાર પછી એનું માથું ભારે થતું ગયું, અને એ પૃથ્વી પર પાછી આવી પહોંચી. અહીં બધું જ ભેળસેળ હતું. સત્ય અને અસત્ય, શુભ અને અશુભ, પ્રેમ અને ધિક્કાર, ઉદારતા અને નીચતા, બધું જ અહીં મિશ્ર હતું. બીજી દુનિયાઓ અને આમાં ઘણો ફેર હતો, છતાં ઇંદિરાને એવું લાગ્યું કે ઊંચામાં ઊંચા શિખરે પહોંચવું હોય તો માણસે આ નક્કર ભોંયનો સ્પર્શ રાખીને જ તે થશે.

* * *

એક રાતે ઇંદિરા પોતાના શરીરમાંથી નીકળી ત્યારે એકાએક એ ઊંડા અંધકારમાં જઇ પડી. ઊંડા અંધકારમાં નીચે ને નીચે એ ઊતરતી ગઇ, અને એક શહેરમાં આવી ઊભી. પૃથ્વી પરના કોઇ પણ શહેર જેવું જ આ શહેર હતું. ફેર માત્ર એટલો કે અહીં ઘરો બારીબારણાં વગરનાં હતાં. વાતાવરણમાં મૃત્યુના જેવું હિમ હતું, અને જાણે સ્મશાનમાં આવી હોય એવું એને લાગતું હતું. ક્યાંય આગના ભડકા નહોતા કે સજાઓ થતી દેખાતી નહોતી, પરંતુ કોઇનીયે આંખોમાં એણે નૂર જોયું નહિ. જાણે સંવેદનહીન જીવતાં મડદાં. સુખદુઃખની કોઇ લાગણી જ નહિ! ન મળે ક્યાંય આશા, ન મળે પ્રેમ કે ન મળે ધિક્કાર! ઈશ્વરનો જીવનદાતા પ્રકાશ એમને પહોંચતો નહોતો અને ક્યાંય બાળકોની હસ્તી નહોતી. ઇંદિરાને જાણે એ જીવતું નરક હોય એવું લાગ્યું. બીજે

દિવસે સવારે એણે દાદાને આ વાત કરી, અને દાદાએ એ વિષે શ્રી અરવિંદને લખ્યું. શ્રી અરવિંદે જવાબ લખ્યો કે "ઇંદિરા જ્યાં ગઇ હતી તે ખરેખર, નર્ક જ હતું !"

**નિર્વિકલ્પ સમાધિ : બંસીનાદ સાંભળી ઘેલી બનેલી ગોપી !**

ઇંદિરા જે બે જાતની સમાધિ વિષે આગળ વધી ગઇ છે, તેવી સમાધિનો એને ઘણીવાર અનુભવ થયો છે. પરંતુ એથી આગળ વધીને ત્રણ પ્રસંગોએ, નિર્વિકલ્પ સમાધિનો એને અનુભવ થયો છે. નિર્વિકલ્પ સમાધિનો છેલ્લો અનુભવ ૧૯૭૧ માં થયો.

હંમેશ મુજબ, મૂલાધારમાંથી વિદ્યુતનો પ્રવાહ ઊંચે ચડયો. તેનું મસ્તક ઊઘડયું અને તે શરીરના બંધનમાંથી છૂટી ગઇ. પાંજરામાંથી છૂટેલા પંખીની પેઠે, આત્મા જાણે તારાઓને મળવા ઊંચે ને ઊંચે ચડતો ગયો. જાણે **'બંસીનાદ'** સાંભળી દોડતી હોય તેમ એ જુદી જુદી દુનિયાઓ પાર કરીને તરતી ચાલી જતી હતી. ઇંદિરાએ ત્યાં દેવોનાં દર્શન કર્યાં, અને દેવોના દિવ્ય આનંદનો અનુભવ કર્યો એ હજી તેને યાદ છે, અને **'બંસીનાદ'** પણ તે ભૂલી નથી. **'બંસીનાદ'** એકદમ નજીકથી સંભળાતો હતો. છતાં તે તેને પહોંચી શકી નહીં ને ઊંચે ને ઊંચે ચડતી ગઇ, જ્યાં **'બંસીનાદ'** સિવાય કશાયનું અસ્તિત્વ નહોતું, અને **'બંસીનાદ'** એવો નક્કર હતો કે એને સ્પર્શ કર્યો ત્યાં તો એ સૂર્યરૂપે ફેરવાઇ ગયો, અને સૂર્યના લાખ લાખ ટુકડા થઇ ગયા. અને પછી ત્યાં કંઇ ન મળે ! અને છતાં ત્યાં સર્વ કાંઇ હતું ! હવે ત્યાં કોઇ 'હું' રહ્યો નહોતો, અનુભૂતિ કરનારુંયે કોઇ નહોતું. ન કોઇ આકાર, ન કોઇ દ્વૈતભાવ, નહિ ઈશ્વર, નહિ ભક્ત ! ચેતના બનવા માટે તે બધી



ચેતનાઓ ખોઇ બેઠી હતી. ત્યાં માત્ર સુખ હતું, અને એક પરમ ચૈતન્યનું આધિપત્ય હતું. તમામ વિચાર, વાણી, અને કલ્પનાથી પર ! કાળ ત્યાં અટકી ગયો હતો અથવા કહો કે કાળ ત્યાં હતો જ નહિ છતાં, થોડીવાર પછી, ઇંદિરા પાછી આ દુનિયામાં—આ છાયાલોકમાં આવી.

કહે છે કે સવિકલ્પ સમાધિ કરતાં આ ઊંચી ભૂમિકા છે. પરંતુ ઇંદિરાને મન આ પરાચેતનાની અવસ્થાનું મહત્ત્વ નથી. એને તો કેવળ દાદાની અને પ્રભુની કૃપામાં રહેવા મળે એટલું જ જોઇએ છે, એથી વિશેષ કશાની એને સ્પૃહા નથી. નિર્વિકલ્પ સમાધિ એ એનું લક્ષ્ય નથી. એ માત્ર એટલું જ કહેવા માગે છે કે મારી સાધારણ ચેતનામાં રહીને, હું સંપૂર્ણપણે મારું સમર્પણ કરી શકું. દુનિયાને મદદ કરવાની કે દુનિયાને સુધારવાની એને કોઇ ઝંખના નથી. જો એ પોતાને સુધારી શકે અને ગુરુ એને જેવી ઘડવા માંગે તેવી પોતાને ઘડવા દઇશકે તો એમાં એને એનું જીવન સાર્થક લાગે છે. (પોતાનો ગુરુ પ્રત્યે કેવો અદ્‌ભુત ભાવ ! પ્રભુને સંપૂર્ણપણે જ સમર્પિત થઇ જવાની કેવી અભીપ્સા !

**મેલી વિદ્યા**

ત્રણેક મહિના ઘેર રહ્યા પછી ઇંદિરા ફરી દોઢ મહિનો આશ્રમમાં જઇને રહી. અહીં પણ તે આખી રાત ધ્યાનમાં બેસતી, અને દિવસનો આખો વખત નૃત્યમાં, વાંચનમાં અને એવી ઇતર પ્રવૃત્તિમાં ગાળતી.

ઓગષ્ટ મહિનાની અધવચ તે ફરી બીજી વખત ઘેર ગઇ. આ વખતે તેને એક અત્યંત આશ્ચર્યકારક અનુભવ થયો. ઘેર આવ્યે એને બેએક દિવસ થયા હશે, ત્યાં એક દિવસ સવારે એક માણસ

તેની ગાડી લઈને આવ્યો. તેણે ઇંદિરાને કહ્યું કે 'સ્વામી દ મહાન સંતપુરુષ છે. તેઓ તમને મળવા બોલાવે છે.'

ઇંદિરાને આ સાંભળી નવાઈ લાગી. તેણે કહ્યું : 'કોઈ અન્ય વ્યક્તિને બોલાવતા હશે. હું તો દાદાજી સિવાય બીજા કોઈ સાધુને ઓળખતી નથી.'

પેલા ભાઈ એના પરિચિત હતા. તેમણે ભારપૂર્વક કહ્યું : 'ના તમને જ બોલાવે છે. સ્વામીજીએ તમારું નામ દઈને કહ્યું છે. માટે ચાલો! આવો મહાન પુરુષ તમને યાદ કરે છે એ કંઈ જેવી તેવી વાત નથી! ખરેખર તમે બડભાગી છો!'

બીજે દિવસે સવારે ઇંદિરા એ સાધુને મળવા ગઈ. તેના મનથી માન્યું કે એ સાધુ દાદાજીનો પરિચિત હશે, અને તેથી મળવા બોલાવે છે.

સ્વામી દનો મુકામ એક રાજાને ત્યાં હતો. ઇંદિરા મહેલમાં દાખલ થઈ કે તરત એને સ્વામી દના કમરામાં જવાની સૂચના મળી. સાથે કહેવામાં આવ્યું કે કમરાની વચ્ચે પડદો રાખેલ છે તેની ડાબી બાજુ બેસજો, કારણ કે સ્વામી કોઈ સ્ત્રીનું મોં જોતા નથી.

ઇંદિરાને ભારે નવાઈ લાગી, કારણ કે આવી વાત તેણે કદી સાંભળી નહોતી.

ઇંદિરા અંદર જઈને કમરામાં સ્ત્રીઓને બેસવાની વ્યવસ્થા હતી તે તરફ સેટી પર જઈને બેઠી. એકાએક પડદો ખરી ગયો, અને સિત્તેરેક વર્ષનો એક વૃદ્ધ પણ ખૂબ જ સોહામણો સાધુ એની સામે આવી ઊભેલો દેખાયો. એના માથાના રૂપેરી વાળ ખભા પર પથરાયેલા હતા, અને મુખ પર સુંદર દાઢી શોભતી



હતી. તેણે અત્યંત ધીમા સ્વરે કહ્યું : 'આવ બેટી મારી જોડે બેસ!'

ઇંદિરાની નવાઈનો પાર ન રહ્યો. કારણ કે જે સાધુ કદી સ્ત્રીનું મોં નથી જોતો એમ કહેવામાં આવ્યું હતું તે એને પોતાની પાસે બેસવા કહેતો હતો!

ઇંદિરા ઊઠીને એની નજીક જઈને બેઠી.

પછી તેણે પૂછ્યું : 'મારા દાદાએ તમને મળવાનું કહ્યું છે, સ્વામીજી?'

'ના, પણ હું શ્રી અરવિંદને અને શ્રી દિલીપકુમાર રાયને ઓળખું છું. તને મળવાનું મને કોઈએ કહ્યું નથી.' આમ કહીને એણે પોતાનો હાથ ઇંદિરાની ડોક ફરતો વીંટાળ્યો. ઇંદિરાને જેવો સ્પર્શ થયો કે તરત જ ઇંદિરાના આખાય શરીમાં ઘોર ઘૃણાની કંપારી આવી ગઈ. એના સ્પર્શમાં જ કંઈક એવું ઘૃણાજનક હતું! આઘી ખસી જઈને તેણે પૂછ્યું. 'તો પછી તમે મને કેમ બોલાવી છે?'

'અરે તું મને ઓળખતી નથી?' તેણે મૃદુ પણ ગાઢ સ્વરે પૂછ્યું.

'ના, હું જરીકે ઓળખતી નથી! મને સાધુઓમાં રસ નથી, અને મને ગુરુ મળી ગયા છે!' 'ઇંદિરાએ કહ્યું.'

'હું એ જાણું છું, અને એ પણ જાણું છું કે તું ઘણી ઉચ્ચ ભૂમિકાએ પહોંચી ગઈ છે, પણ આગલા જન્મોમાં આપણે સાથે કામ કરેલું છે. અને આ જન્મે સાથે કામ કરવા માટે આપણે સરજાયાં છીએ. આ જન્મમાં મારે મહાન આધ્યાત્મિક કામ કરવાનું છે અને તેમાં એક સ્ત્રીની મદદની જરૂર છે. તારા મનમાં

શા વિચાર ચાલે છે તે હું કહી દઉં? તું અત્યારે એવો વિચાર કરે છે કે કોઇ અહીં આવી ચડે તો સારું, જેથી તું અહીંથી જઇ શકે, પણ તું ભૂલે છે મારી પાસેથી હવે તું કદી ક્યાંય જઇ શકવાની નથી!

ઇંદિરાએ એની સામે જોયું, અને બન્યું એવું કે જાણે ચોપડી વાંચતી હોય એમ સાધુના મનના વિચારોની તલેતલ એને ખબર પડી ગઇ. તેણે સામો જવાબ દીધો : 'તમે પોતે એવો વિચાર કરો છો કે બિવડાવીને મને વશ કરાતી નથી, તો હવે મીઠી બોલીથી મને પટાવવી!'

એકદમ એ હસી પડયો. કહે : 'જોયું આપણે બંને એક જ આધ્યાત્મિક ભૂમિકા પર છીએ. આપણે બેઉ એકબીજાના વિચારો વાંચીએ છીએ. હવે મારી વધારે ઓળખાણ જોઇએ છે?'

'જી ના!' ઇંદિરાએ જવાબ દીધો. 'મારે કશું જ જોઇતું નથી. ઘેર કેટલાક મહેમાનો ભોજન માટે આવવાના છે, એટલે મારે હવે જવું જોઇએ.'

'છોકરવાદ મેલ!' તેણે ઉશ્કેરાયેલા અવાજે કહ્યું. 'તું શિષ્યા થવા જન્મેલી નથી, તારા માટે તો ઘણું મોટું ભાવિ નિર્માણ થયેલું છે. આપણે બે થઇને આખી દુનિયાને પલટી નાંખશું. અમુક વિઘ્ન દૂર કરવા માટે મારે તારી મદદની જરૂર છે, તે પછી મને સમાધિ સિદ્ધ થઇ જશે. તું આખી દુનિયામાં પ્રખ્યાત થઇ જશે. માટે શ્રી અરવિંદના આશ્રમમાં તારો વખત ન બગાડ.'

'તમારી સલાહ માટે આભાર! પણ મારે અગત્યનું, કામ હોવાથી હવે હું અહીં રોકાઇ શકું તેમ નથી.' આમ કહી ઇંદિરા જવા માટે ઊભી થઇ.'



'સાંજે પાછી આવજે અને મારી સાથે ધ્યાન કરવા બેસજે!' સ્વામીએ નિમંત્રણ દઇ રાખ્યું.

બહાર નીકળતાં જાણે ગૂંગળાવનારા વાતાવરણમાંથી છૂટી હોય એવી ઇંદિરાને રાહત લાગી. એ સોહામણા સાધુમાં કંઇક એવું અકળ અને બીક લાગે એવું હતું! એની પાસે પાછા જવાની ઇંદિરાને મુદ્દલે ઇચ્છા નહોતી.

તે પછી સ્વામીએ ઘણીવાર કહેવડાવ્યું. પણ ઇંદિરા મક્કમ રહી.

### બેભાન ઇંદિરાને ઊંચકી કોઇ અદૃશ્ય હાથે પથારીમાં સુવાડી દીધી

આઠદશ દિવસ પછી ઇંદિરા પથારીમાંથી ઊઠી ત્યારે એને છાતીમાં સખત પીડા થતી હતી. શ્વાસ લેવામાં પણ તકલીફ પડતી હતી. સાંજે એને તાવ આવ્યો. દાક્તરોને લાગ્યું કે દમની અસરને લીધે આ તકલીફ ઊભી થઇ છે, એટલે તેમણે આ પ્રમાણે તેનો ઉપચાર કરવા માંડયો. ઇંદિરાની ભૂખ સાવ જતી રહી હતી, અને ખૂબ દૂબળી પડી ગઇ હતી.

એવામાં એક રાતે એ બાથરૂમમાં દાંત ઘસતી હતી, ત્યાં એને રક્તસ્રાવ થઇ ગયો, અને એ ડ્રેસિંગ રૂમસુધી જતાં જતાંમાં તો એ બેભાન થઇને પડી ગઇ. પણ બેભાન થતાં પહેલાં મનમાં એક વિચાર ચમકી ગયો. 'સાધના કરવા જતા હું અહીં ક્યાં આવી પડી!' એટલામાં દર્દ એવું વધી પડયું કે એનાથી બૂમ પડાઇ ગઇ. 'દાદા!'

ન કોઇ પ્રકાશ જોવામાં આવ્યો, ન કોઇ આકાર જોવામાં આવ્યો કે ન કાંઇ અવાજ એણે સાંભળ્યો, પરંતુ કોઇ તેને ભોંય

પરથી ઊંચકીને પથારીમાં સુવાડી દેતું હોય એવું તેને લાગ્યું. એ ભાનમાં આવી ત્યારે એનું આખું શરીર અપૂર્વ શાંતિ અને સ્વસ્થતાનો અનુભવ કરતું હતું. સવારે કામવાળી બાઇ ચા લઇને આવી અને એણે બારણાં ખખડાવ્યાં, ત્યારે ઇંદિરાએ જોયું તો બારણા અંદરથી બંધ કરેલાં હતાં! (આ બનાવ પાછળ અનુમાન કરી શકાય. બેભાન થતાં પહેલાં તેનાથી શ્રી દિલીપકુમાર રાયને, ઉદ્દેશીને 'દાદા!' એવો પોકાર થઇ ગયો હતો તેથી 'દાદા'એ તેને પલંગ પર સુવાડી દીધી હોય, અને અંદરથી બારણું બંધ કર્યું હોય.)

(ક્રમશઃ)


**સુવાક્ય**

ક્ષમા ને સહનશીલતામાં વૃદ્ધિ કરી ક્રોધાદિને વશ વર્તાવવા પૂરતો પ્રયત્ન કરવાની અગત્ય છે.

**શ્રીમન્નાથભગવાન્**

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન

"સત્યવાન" તથા "ચંદન"

૬, ૮ તથા ૧૦ હો. પા.

–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨




# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એમના હાવભાવ તથા એમની પ્રસન્ન મુખમુદ્રા પરથી એ સહેલાઈથી અનુમાન કરી શક્યા કે એમના કામમાં એ સફળ થયા.

એમના શબ્દો પરથી એ અનુમાન સાચું ઠર્યું.

થોડીવાર પછી સૌ સાથે મળીને મહારાજા સુગ્રીવ, લક્ષ્મણ તથા રામ પાસે આવ્યા.

હનુમાને રામ, લક્ષ્મણ તથા સુગ્રીવને પ્રણામ કર્યા, એટલે સુગ્રીવે પૂછ્યું : 'સીતાની શોધના કામમાં સફળતા મળી કે ન મળી?'

હનુમાને ઉલ્લાસપૂર્વક ઉત્તર આપ્યો : 'જેના પર તમારી તથા રામની કૃપાદૃષ્ટિ હોય તેને સફળતા ન મળે એવું બને જ નહિ. એ કૃપાદૃષ્ટિ જેની સાથે સદાને માટે રહે છે અને જેના જીવનની પાછળ એમના આશીર્વાદ કામ કરે છે એને નિષ્ફળ કે નિરાશ થવા જેવું કશું રહેતું જ નથી. સાગર એને માટે સુમધુર બને છે ને માર્ગ કરે છે, પર્વતો પંગુ બને છે, અને ધખધખતું રણ સુંદર વનસ્થલી થાય છે. એ કૃપાને લીધે મને માતા સીતાના સમાચાર મળ્યા, એટલું જ નહિ પરંતુ એના દર્શન, સમાગમ અને એની સાથેના સંભાષણનો અમુલખ લાભ પણ મળી ગયો.'

'સીતા કુશળ તો છે ને?' રામે પ્રશ્ન કર્યો : 'એ અત્યારે ક્યાં છે? રાવણ એને ક્યાં લઇ ગયો છે?'

'કુશળ તો તમારાથી દૂર પડેલો કોઇ યે જીવ ક્યાંથી હોઇ શકે? સીતા તો તમારા વિના સ્વપ્ને પણ કુશળ, સ્વસ્થ કે સુખી ન બની શકે. એ ખૂબ જ દુઃખી છે અને તમારા પુનર્મિલનની આશામાં પોતાનો વખત જેમ તેમ કરીને ભારે ચિંતા તથા પીડામાં પસાર કરે છે. એ સાગરની પેલી પાર આવેલી રાવણની રાજધાની લંકામાં છે. એ રાવણની ઇચ્છાને અધીન નથી થઇ, એટલે એણે એને પોતાના રાજપ્રસાદમાં નથી રાખી પરંતુ અશોકવાટિકા નામના ઉપવનમાં રાક્ષસીઓના પહેરા નીચે રાખી મૂકી છે.'

'રાક્ષસીઓના પહેરા નીચે?'

'હા, એ રાક્ષસીઓ એને ડરાવવાનું, ભાતભાતનાં પ્રલોભનો બતાવવાનું તથા ચળાવવાનું કામ કર્યા કરે છે. તો પણ સીતા એથી ચલાયમાન નથી થતી. તમારા પ્રત્યેની નિષ્ઠામાં એ અડગ છે. તમારા સ્મરણમનનમાં એ મશગૂલ બનીને, રાવણની ધાકધમકીને વશ થયા વગર, ભયંકર દુઃખમાં ડૂબીને બેસી રહી છે.'

'પરંતુ તમે વિશાળ સાગરને કેવી રીતે પાર કર્યો?'

'તમારી કૃપા વિના જીવ કશું પણ કરી શકે છે? એમાં પણ તમારી કૃપાએ જ કામ કર્યું. એ કૃપાએ જ મને સાગરને પાર કરવાની શક્તિ બક્ષી.' એમ કહીને હનુમાને બધી યે હકીકત શાંતિથી કહી બતાવી.

એ સાંભળીને રામ, લક્ષ્મણ, સુગ્રીવ તથા બીજા બધાની આંખમાં આંસુ આવી ગયાં.

રામે કહ્યું : 'રાવણ નહિ માને તો એનો નાશ કરીને પણ સીતાને પાછી લાવીશ. એનું દુઃખ મારાથી વધારે નહિ દેખી શકાય. પરંતુ સીતાએ બીજું કાંઇ કહ્યું છે ખરું?'



હનુમાને સીતાનો છેવટનો સંદેશ કહી બતાવ્યો અને કહ્યું : 'સીતાએ ચિત્રકૂટ પર્વત પર બનેલા ઇન્દ્રપુત્ર જયંતના પ્રસંગની યાદ આપી છે અને કહ્યું છે કે, રાવણે તો એના કરતાં ઘણો મોટો અપરાધ કર્યો છે, છતાં પણ કેમ બેસી રહ્યા છો? રાવણને દંડ આપીને મને વહેલી તકે મુક્ત કરો. મેં એની પાસે તમને મારી શોધની સફળતાની પ્રતીતિ કરાવવા માટે કોઇ સ્મૃતિચિહ્ન માગ્યું તો તેમણે કૃપા કરીને ભારે પ્રસન્નતાપૂર્વક પોતાનો ચુડામણિ આપ્યો.'

'ચુડામણિ?'

'હા. એણે કહ્યું કે રામ એને જોતાંવેંત જ ઓળખી લેશે.'

એમ કહીને હનુમાને સીતાએ આપેલો ચુડામણિ રામની આગળ રજૂ કર્યો.

એને જોઇને રામ ગળગળા બની ગયા.

'આ ચુડામણિ સીતાનો જ છે,' એ બોલી ઊઠ્યા : 'હું એને બરાબર ઓળખું છું.'

એને હૃદયે લગાડીને એ વિલાપ કરતા આંસુ સારવા લાગ્યા.

એ જ વખતે અશોકવાટિકામાં રામને યાદ કરીને વિલાપ કરી રહેલી સીતાને સાંત્વન આપતાં મંદોદરી બોલી ઊઠી : 'તારા રામને માટે સારેલાં સાચા દિલનાં આંસુ નકામાં નહિ જાય. તારા પવિત્ર પ્રેમની કથા રામની કૃપાની શક્તિને લીધે જ તારા કહેવા પ્રમાણે સાગરને પાર કરીને હનુમાનજી આટલે દૂર આવી શક્યા. રામના દૂત તને મળી ગયા, એટલે એમને પગલે ચાલીને હવે નજદીકના ભવિષ્યમાં રામ પણ તને મળશે જ એમાં મને શંકા નથી.'

'શંકા તો મને પણ નથી.' સીતાએ કહ્યું : 'હનુમાનને મળ્યા પછી મારી હિંમત પહેલાં કરતાં અનેક ગણી વધી ગઇ છે. રામ આ શોકાગારમાંથી મારો ઉદ્ધાર કરશે એવી આશા મારા અંતરમાં પેદા થઇ છે. છતાં પણ એમનો 'વિરહ મારાથી નથી વેઠાતો.'

'હવે તો એ વિરહને વેઠવાનો વખત ઘણો થોડો છે. હનુમાને રામની પાસે પાછા જઇને તારા સમાચાર પૂરા પાડયા હશે. એ સમાચાર સાંભળીને રામ શું ઘડીભરને માટે પણ બેસી રહેશે? એ લંકાની દિશામાં કૂચ કરવાની તૈયાર કરી રહ્યા હશે.'

'પરંતુ વચ્ચે સાગર છે તેનું શું?'

(ક્રમશઃ)

**સુવાક્ય**

ભય, શોક ને તૃષ્ણાને બની શકે તેટલાં વશ રાખી કર્તવ્યમાં જાગૃતિ સેવશો.

શ્રીમન્નાથભગવાન્

ફોન : ૨૭૯૨૯

**બહારગામના ચેક તથા ડ્રાફ્ટ કાઢી આપનાર.**

**દીપક ટ્રેડ લીંક**

**શ્રોફ એન્ડ કમીશન એજન્ટ**

સ્વામીનારાયણ શેરી સામે, દાણાપીઠ, રાજકોટ-૧

## * તરી જઈશ કે વિનાશ પામીશ *

'તરી જઈશ' અને 'વિનાશ પામીશ.' બંને શબ્દો દેખીતી રીતે જ વિરોધી છે અને જીવનની અવસ્થાના બે છેડાઓ તરફ અંગુલિનિર્દેશ કરે છે. માનવને સંસારસાગર તરવાની ઇચ્છા હોય તો એનો માર્ગ પણ એમાં દર્શાવવામાં આવ્યો છે અને જો નાશ પામવું હોય તો એની શક્યતાનો પણ ઉલ્લેખ કરાયો છે. માનવ જીવન મહામૂલ્યવાન છે; એનો જેટલો પણ ઉપયોગ કરવામાં આવે એટલો ઓછો છે. એનો લાભ લઇને પરમાત્માની શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને પરમાત્મામાં મનને જોડીને પરમાત્માનો સંબંધ બાંધવામાં આવે તો એમની કૃપાથી તરી જવાય, શાંતિ પમાય, ને સંકટોને પાર કરાય. પરમાત્માની પરમકૃપાથી જીવની કાયા-પલટ થાય છે. વિદ્યુતશક્તિનો સંબંધ થવાથી જડ પંખા ફરે છે, ટ્રેનો દોડે છે, કારખાનાં કામ કરે છે, રેડિયો વાગે છે, માઇક શબ્દોના પ્રતિઘોષ પાડે છે. ઇસ્ત્રી-હીટર તથા કુલર કામ કરતાં થાય છે, તેવી રીતે પરમાત્માનો સંબંધ થવાથી નવજીવન મળે છે, પ્રકાશ પ્રગટે છે; ને શાંતિ સાંપડે છે. અર્જુનના પ્રાણવાન પાત્રદ્વારા ગીતા એ વસ્તુને સ્પષ્ટ કરે છે. અર્જુને ભગવાનનું શરણ લીધું તો એ સંકટ, ક્લેશ, ક્લૈબ્ય, અશાંતિને તરી ગયો. તરવાની મરજીવાળા માનવે પણ એ જ માર્ગ લેવાનો છે. એથી ઊલટું પાત્ર દુર્યોધનનું છે, દુર્યોધને નીતિ, સત્ય, સદાચાર, ન્યાય અને ભગવાનનો સંબંધ વિચ્છેદ કર્યો, એમનાથી વિરોધી માર્ગ લીધો તો એનો ને બીજાનો નાશ નોતર્યો.

યોગેશ્વરજી

# * ભગવાન તરફ અભિમુખ થાઓ *

ભગવાન તરફ અભિમુખ થયા સિવાય એમનામાં મન લાગી શકે નહીં. અભિમુખ કેવી રીતે થવું? ભગવાન તરફ અભિમુખ થવાનો અક્સીર અમોઘ ઉપાય ભગવાનના સ્મરણ, મનન, ધ્યાન, સ્વાધ્યાય અને પ્રાર્થનાનો છે. એ ઉપાયનો આધાર લેવાથી ભગવાન તરફ અભિમુખ થવાશે અને મનને ભગવાનમાં લગાડી શકાશે. મન ભગવાનમાં લાગશે એટલે કોઇ પણ કાળે કોઇ પણ પ્રસંગે, પરિસ્થિતિમાં, અને કોઇ પણ સ્થળે ભગવાનની સાથેનો સંબંધ સહજ બનશે. વાતાવરણ વિરોધી કે વિપરીત હશે તો પણ ભગવાનનો સંપર્ક ચાલુ જ રહેશે. સુખમાં કે દુઃખમાં, લાભ કે હાનિમાં, સંપત્તિ કે વિપત્તિમાં, જય અથવા પરાજયમાં, અને અભ્યુદય અથવા અધઃપતનમાં, એ સંપર્ક નહીં તૂટે. ક્રમે ક્રમે વધતો જ જશે.

ભગવાને 'સર્વદુર્ગાણિ' અને 'મત્પ્રસાદાત્' શબ્દપ્રયોગો કરેલા છે. ભગવાન તરફ અભિમુખ થવાથી ને ભગવાનમાં મનને લગાડવાથી એમનો અસાધારણ અનુરાગ અનુભવાય છે. એમનો અનુગ્રહ વરસે તો પછી બાકી શું રહે? એવું એક પણ કષ્ટ કે દુઃખ નથી જે એ અનુગ્રહથી દૂર ના થાય. એમની પરમકૃપા જેના પર વરસે છે તે કૃતાર્થ થાય છે. આજના માનવને માટે એ શબ્દોમાં શાશ્વત સંદેશ સમાયેલો છે. આજે પણ માનવ જીવનમાં દુઃખ છે, અશાંતિ છે, પીડા–પરિતાપ, મૂંઝવણ મુસીબત અને વિષાદ છે. એમનો અંત આણીને જીવનને નવીન રસ, ચેતના, શક્તિ તથા શાંતિથી સંપન્ન કરવા માટે પરમાત્માને ઓળખવાની, પ્રેમ કરવાની, અને પરમાત્માનું અનુસંધાન સાધવાની આવશ્યકતા છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.